dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-202 | AD-2026, Vaishakh Sud -13 | Wednesday, Dt.29-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુરત, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર અને મોરબી જેવી અનેક પાલિકાઓ હવે વિપક્ષ વગરની બની

# રાજયમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમા ભગવો લહેરાયો, વિપક્ષના સૂપડા સાફ

અમદાવાદ,તા.૨૮

ગુજરાતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જેવી કે મહાનગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકાઓના પરિણામોએ રાજ્યના રાજકીય ફલક પર ભાજપના એકહથ્થુ શાસનને ફરી એકવાર મહોર લગાવી દીધી છે. અમદાવાદ સહિત રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ અને ૩૪ જિલ્લા પંચાયતોમાં ભાજપનો પ્રચંડ વિજય થયો છે. આ ચૂંટણી પરિણામો એટલા ચોંકાવનારા રહ્યા છે કે સુરત, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર અને મોરબી જેવી અનેક પાલિકાઓ



હવે વિપક્ષ વગરની બની ગઈ છે.


સ્થાનિક સ્વરાજની ચૂંટણીના આજે ૨૮ એપ્રિલે પરિણામો જાહેર થઈ ગયા છે. ૧૫ મનપા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે યોજાયેલી ચૂંટણીની મતગણતરી યોજાઈ હતી. જેમાં ભાજપે મનપામાં ૧૫ માંથી ૧૫, નગર પાલિકા ૮૪ માંથી ૭૮, જીલ્લા પંચાયત ૩૪ માંથી ૩૩, તાલુકા પંચાયત ૨૬૦ માંથી ૨૫૩ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જીતી છે. ખાસ કરીને સુરત મહાનગરપાલિકામાં વિપક્ષ તરીકે સ્થાન મેળવવા માટે જરૂરી ૭ બેઠકો પણ વિરોધ પક્ષો મેળવી શક્યા નથી, જ્યાં આમ આદમી પાર્ટીને માત્ર ૪ અને કોંગ્રેસને ૧ બેઠક ફાળે ગઈ છે. આ વિજય ભાજપ માટે સત્તાની સેમિફાઈનલ સમાન સાબિત થયો છે, જેમાં શહેરી મતદારોએ વિકાસના મુદ્દે શાસક પક્ષ પર અતૂટ ભરોસો મૂક્યો છે.અમદાવાદ મહાનગરપાલિકામાં ભાજપે પોતાની સત્તા જાળવી રાખતા ૧૯૨માંથી ૧૫૮ બેઠકો પર ઐતિહાસિક જીત નોંધાવી છે. જોકે, આ ભવ્ય જીત વચ્ચે ભાજપને પોતાના ગઢ ગણાતા વિસ્તારોમાં આંચકો પણ લાગ્યો છે.'ગઢ આલા પણ સિંહ ગેલા' જેવી સ્થિતિ ખાડિયા વોર્ડમાં જોવા મળી છે, જ્યાં ભાજપના ઉદયકાળથી તેમનો કબજો હતો ત્યાં આ વખતે કોંગ્રેસની આખેઆખી પેનલ વિજેતા બની છે. ભાજપે ચૂંટણી પ્રચારમાં પાકિસ્તાન જેવા રાષ્ટ્રીય મુદ્દાઓ ઉછાળ્યા હોવા છતાં સ્થાનિક મતદારોએ પરિવર્તન પસંદ કર્યું છે. ડભોઈમાં ૮ વર્ષ બાદ ભાજપે સત્તા ગુમાવી છે, જ્યારે અમદાવાદના બાપુનગર અને બહેરામપુરામાં કોંગ્રેસે પોતાની હાજરી મજબૂત બનાવી છે.

બનાસકાંઠાના ભાભરમાં સાંસદ ગેનીબેન ઠાકોરના ગઢમાં ભાજપે તમામ ૨૪ બેઠકો જીતીને કોંગ્રેસના સૂપડા સાફ કરી નાખ્યા છે. તેવી જ રીતે, જૂનાગઢના ભેંસાણમાં પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણીને આમ આદમી પાર્ટી સામે પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો છે.

પૂર્વ આઈપીએસ અધિકારી મનોજ નિનામાની પ્રથમ રાજકીય ઈનિંગ પણ નિરાશાજનક રહી છે. આ પરિણામો સૂચવે છે કે મતદારો હવે માત્ર નામના આધારે નહીં પરંતુ કામ અને પક્ષની વિચારધારાના આધારે મતદાન કરી રહ્યા છે. અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમએ પણ કચ્છ વિસ્તારમાં પોતાની હાજરી નોંધાવીને રાજ્યના રાજકારણમાં નવા સમીકરણો ઉમેર્યા છે.

સમગ્ર રાજ્યમાં ભાજપના કાર્યકરોએ ફટાકડા ફોડી અને મોં મીઠા કરાવીને આ પ્રચંડ જનસમર્થનને વધાવ્યું છે.આમ શંકા કુશંકા વચ્ચે ફરીથી ભાજપનો દબદબો યથાવત રહ્યો છે.




## સીમાપારથી થતો આતંકવાદ સ્વીકાર્ય નથી : રાજનાથસિંહ

નવીદિલ્હી,તા.૨૮

નવી દિલ્હી ખાતે આયોજિત શાંઘાઈ સહકાર સંગઠનની સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આતંકવાદના મુદ્દે વૈશ્વિક મંચ પર ભારતનો સ્પષ્ટ મત રજૂ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સીમાપારથી થતો આતંકવાદ કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી અને તે દેશની સાર્વભૌમત્વ પર સીધો પ્રહાર છે. રાજનાથ સિંહે આંતરરાષ્ટ્રીય સમુદાયને આહવાન કર્યું હતું કે આતંકવાદના મામલે બેવડા ધોરણો રાખવા માટે હવે કોઈ સ્થાન નથી. જે દેશો આતંકવાદીઓને સુરક્ષિત આશ્રય આપે છે કે તેમને નાણાકીય સહાય પૂરી પાડે છે, તેમની સામે એસસીઓ દ્વારા કડક અને નક્કર કાર્યવાહી થવી અનિવાર્ય છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૯-૦૪-૨૦૨૬

# અમરેલી જિલ્લામાં યોજાયેલ ચૂંટણીના પરિણામો જાહેર

**જિલ્લા પંચાયત,તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો**

અમરેલી,તા.૨૮

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી -૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયતની ૩૪, તાલુકા પંતાયતની ૧૯૦, અમરેલી, બાબરા, સાવરકુંડલા, ધારી, બગસરા, દામનગર નગરપાલિકાની ૧૮૪ બેઠકોની મતગણતરી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. તાલુકા પંચાયતની ૧૯૦ પૈકી ૦૪, નગરપાલિકાની ૧૮૪ પૈકી ૧૦ બેઠકો બિનહરીફ થઈ હોવાથી બાકીની બેઠકોની મતગણતરી થઈ હતી.જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી જિલ્લામાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીની મતગણતરી માટે ૧૧ કેન્દ્રો પર મતગણતરી વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે ૦૬ નગરપાલિકાની ચૂંટણી માટે ૦૬ કેન્દ્રો પર બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી.જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામો મુજબ તાલુકા પંચાયતની ૧૯૦ પૈકી ૦૪, નગરપાલિકાની ૧૮૪ પૈકી ૧૦ બેઠકો બિનહરીફ થઈ હોવાથી બાકીની બેઠકોની મતગણતરી થઈ હતી.મતગણતરી પ્રક્રિયા સુચારું રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શનમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી માટે કુલ ૧૦૧૪ મતગણતરી સ્ટાફ અને ૧,૧૪૦ પોલીસ સ્ટાફની નિયુક્તિ કરવામાં આવી હતી જેમણે ચૂંટણીની મતગણતરી પ્રક્રિયા સુચારૂ રીતે કરાવી હતી. સમગ્ર પ્રક્રિયાના અંતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

**સ્થાનિક સ્વરાજયની ચૂંટણી - ૨૦૨૬**

| જિલ્લો | ચૂંટણી | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | આપ | અન્ય પક્ષ | જાહેર થયેલ પરિણામની બેઠકો | બિનહરિફ (ભાજપ) | બિનહરિફ (અન્ય પક્ષ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | અમરેલી જિલ્લા પંચાયત | 34 | 31 | 1 | 2 | 0 | 34 | 0 | 0 |
| અમરેલી | અમરેલી તાલુકા પંચાયત | 18 | 16 | 1 | 1 | 0 | 18 | 0 | 0 |
| અમરેલી | વડિયા તાલુકા પંચાયત | 16 | 13 | 0 | 3 | 0 | 16 | 0 | 0 |
| અમરેલી | લાઠી તાલુકા પંચાયત | 16 | 10 | 2 | 4 | 0 | 16 | 0 | 0 |
| અમરેલી | બાબરા તાલુકા પંચાયત | 18 | 13 | 1 | 3 | 0 | 17 | 1 | 0 |
| અમરેલી | સાવરકુંડલા તાલુકા પંચાયત | 22 | 16 | 4 | 1 | 1 | 22 | 0 | 0 |
| અમરેલી | લીલીયા તાલુકા પંચાયત | 16 | 7 | 9 | 0 | 0 | 16 | 0 | 0 |
| અમરેલી | ધારી તાલુકા પંચાયત | 16 | 9 | 2 | 5 | 0 | 16 | 0 | 0 |
| અમરેલી | બગસરા તાલુકા પંચાયત | 16 | 6 | 0 | 10 | 0 | 16 | 0 | 0 |
| અમરેલી | ખાંભા તાલુકા પંચાયત | 16 | 12 | 1 | 3 | 0 | 16 | 0 | 0 |
| અમરેલી | રાજુલા તાલુકા પંચાયત | 20 | 15 | 4 | 0 | 1 | 20 | 0 | 0 |
| અમરેલી | જાફરાબાદ તાલુકા પંચાયત | 16 | 11 | 2 | 0 | 0 | 13 | 3 | 0 |
| Total | | 190 | 128 | 26 | 30 | 2 | 186 | 4 | 0 |
| અમરેલી | અમરેલી નગરપાલિકા | 44 | 27 | 13 | 0 | 1 | 41 | 3 | 0 |
| અમરેલી | બાબરા નગરપાલિકા | 24 | 22 | 2 | 0 | 0 | 24 | 0 | 0 |
| અમરેલી | સાવરકુંડલા નગરપાલિકા | 36 | 25 | 11 | 0 | 0 | 36 | 0 | 0 |
| અમરેલી | ધારી નગરપાલિકા | 28 | 18 | 0 | 6 | 0 | 24 | 4 | 0 |
| અમરેલી | બગસરા નગરપાલિકા | 28 | 22 | 6 | 0 | 0 | 28 | 0 | 0 |
| અમરેલી | દામનગર નગરપાલિકા | 24 | 14 | 2 | 5 | 0 | 21 | 3 | 0 |
| Total | | 184 | 128 | 34 | 11 | 1 | 174 | 10 | 0 |

# અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિપક્ષોએ પણ હાજરી પૂરાવી

અમરેલી,તા.૨૮

અમરેલી જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. જીલ્લામાં વિપક્ષોએ પણ કમળના વાવાઝોડા સામે પોતાની હાજરી પુરાવેલ છે. જીલ્લા પંચાયતની આપને ૨ અને કોંગ્રેસને ૧ સીટ તેમજ લીલીયા તાલુકા પંચાયત કોંગ્રેસ અને બગસરા તાલુકા પંચાયત આમ આદમી પાર્ટીએ કબજે કરીને ભાજપને ચેલેંજ કરી છે. અમરેલી નગરપાલિકામાં કોંગ્રેસે ૧૩ સીટ મેળવી કમબેક કરેલ છે. આમ આમ જીલ્લામાં લોકોએ ક્યાંક ક્યાંક વિપક્ષ પર વિશ્વાસ મુકેલ છે.

# વિઠ્ઠલપુર તાલુકા પંચાયત બેઠક પર અલ્પાબેન ગઢીયાનો વિજય

અમરેલી,તા.૨૮



અમરેલી જિલ્લાની વિઠ્ઠલપુર તાલુકા પંચાયત બેઠક પર ભારતીય જનતા પાર્ટીએ પોતાનો મજબૂત ગઢ જાળવી રાખીને શાનદાર વિજય હાંસલ કર્યો છે. આ મહત્વપૂર્ણ ચૂંટણી જંગમાં ભાજપના કર્મઠ ઉમેદવાર અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢીયાએ પ્રતિસ્પર્ધીઓને માત આપીને જ્વલંત સફળતા મેળવી છે. વિઠ્ઠલપુર બેઠક પર ભાજપના વિજયના સમાચાર વહેતા થતા જ સ્થાનિક કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ અને આનંદની લહેર જોવા મળી હતી. અલ્પાબેન ગઢીયાની આ જીત બદલ મતદારોનો આભાર માનવામાં આવ્યો છે અને ઠેર-ઠેરથી તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# અમરેલી તાલુકાના ગાવડકા ગામના ૧૦૫ વર્ષીય વૃધ્ધાએ મતદાન કર્યુ

અમરેલી,તા.૨૮



અમરેલી તાલુકાના ગાવડકા ગામના વતની ઉજીબેન છનાભાઈ ચાવડિયાએ ૧૦૫ વર્ષની વયે મતદાન કરીને યુવા પેઢી માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સામાન્ય રીતે આ ઉંમરે સ્વાસ્થ્ય સંબંધી અનેક મર્યાદાઓ હોવા છતાં આ માજીએ ચુંટણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને લોકશાહીના પર્વની ઉજવણી કરીને અન્ય લોકોને મતદાન કરવા માટે પ્રેરીત કર્યા હતા.

# સાવરકુંડલા-લીલીયા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય: ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વ્યક્ત કર્યો આભાર

સાવરકુંડલા,તા.૨૮



સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને પોતાનો ગઢ મજબૂત કર્યો છે. આ ઐતિહાસિક સફળતા બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મતદારો અને કાર્યકરોનો આભાર માનતા જણાવ્યું હતું કે, આ જીત જનસમર્થન અને વિકાસના કાર્યોનું પરિણામ છે.

આંકડાકીય રીતે જોઈએ તો, સાવરકુંડલા નગરપાલિકાની ૩૬માંથી ૨૫ બેઠકો, તાલુકા પંચાયતની ૨૨માંથી ૧૬ બેઠકો અને જિલ્લા પંચાયતની તમામ ૫ બેઠકો પર ભાજપે વિજયધ્વજ લહેરાવી સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે. લીલીયા પંથકમાં પણ ભાજપે નોંધપાત્ર દેખાવ કરતા તાલુકા પંચાયતમાં ૭ અને જિલ્લા પંચાયતમાં ૧ બેઠક પ્રાપ્ત કરી છે. નગરપાલિકાથી લઈ જિલ્લા પંચાયત સુધીના આ શાનદાર દેખાવ બાદ મહેશભાઈ કસવાલાએ સાવરકુંડલા અને લીલીયાના સર્વાંગી વિકાસ માટેની પોતાની પ્રતિબધ્ધતા દોહરાવી હતી અને કાર્યકરોને વધુ જોશ સાથે જનસેવામાં સમર્પિત રહેવા આહ્વાન કર્યું હતું.

# અમરેલી જિલ્લામાં સુર્યનારાયણ કોપાયમાન, ગરમીથી લોકો પરેશાન

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી સૂર્યનારાયણ આકરા પાણીએ હોય તેમ ગરમીનું પ્રચંડ મોજું ફરી વળ્યું છે. તાપમાનનો પારો સતત ૪૦ ડિગ્રી સેલ્સિયસની ઉપર રહેતા લોકો અસહ્ય ગરમીનો સામનો કરી રહ્યા છે. ભારે ગરમીને કારણે લોકો બફારા અને ઉકળાટથી ભારે પરેશાન થયા હતા. પવનની ગતિ પણી ઓછી રહેતા ગરમીમાં કોઈ રાહત મળી ન હતી અને બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. ગરમીથી રાહત મેળવવા માટે લોકો ઠંડા પીણાનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. સતત પડતી ગરમીને કારણે લોકોને જરૂરીયાત વગર બહાર નહી નિકળવા માટે આરોગ્ય વિભાગે અનુરોધ કર્યો છે.

# હિરેન હીરપરાએ ભાજપના વિજય બદલ ગ્રામ્ય જનતાનો આભાર વ્યક્ત કર્યો

અમરેલી,તા.૨૮



રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા ભવ્ય અને ઐતિહાસિક વિજય બદલ કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હીરપરાએ આનંદ અને ગૌરવની અભિવ્યક્તિ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતો, ખેત મજૂરો અને ગ્રામ્ય જનતાએ વિકાસ અને વિશ્વાસના માર્ગને પસંદ કરીને ભારતીય જનતા પાર્ટીને ઐતિહાસિક વિજય અપાવ્યો છે. આ વિજય માત્ર ચૂંટણીનો પરિણામ નથી, પરંતુ રાજ્યના દરેક વર્ગના લોકોના વિશ્વાસ અને સરકારના કાર્ય પ્રત્યેની સ્વીકાર્યતાનું પ્રતિબિંબ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનહિતકારી યોજનાઓના કારણે ગ્રામ્ય જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. આવનારા સમયમાં પણ કિસાન મોરચા દ્વારા ખેડૂત હિત માટે વધુ સક્રિય રીતે કાર્ય કરવામાં આવશે અને ગામડાઓના વિકાસને નવી દિશા આપવા માટે સંગઠનશક્તિને વધુ મજબૂત બનાવવામાં આવશે.

# અમરેલી જિલ્લા પંચાયતમાં ચાર ઉમેદવારો નજીવી સરસાઈથી જીત્યા

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા પંચાયતની તાજેતરની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીના ચાર ઉમેદવારોએ અત્યંત રસાકસીભરી જંગમાં વિજય મેળવ્યો છે. આ બેઠકો પર હાર-જીતનું અંતર ખૂબ જ ઓછું રહ્યું છે. લીલીયા જિલ્લા પંચાયતની બેઠક પર જીજ્ઞેશભાઈ સાવજે માત્ર ૩૮ મતોની નજીવી સરસાઈથી વિજય મેળવીને પોતાની બેઠક અંકે કરી હતી. આવી જ સ્થિતિ નેસડી બેઠક પર પણ જોવા મળી હતી જ્યાં દક્ષાબેન ચોડવડીયાએ માત્ર ૪૩ મતોના તફાવતથી વિરોધી ઉમેદવારને પરાજય આપ્યો હતો. વધુમાં મોટા દેવળીયા બેઠક પરથી મીનાબેન કોઠીવાળ ૮૭ મતોની સરસાઈ સાથે વિજેતા જાહેર થયા છે. બગસરા તાલુકા ભાજપ પ્રમુખના પત્ની મિતલબેન ભાખરે જુના વાઘણીયા બેઠક પરથી ૧૩૧ મતોથી જીત હાંસલ કરી છે. આ ચારેય બેઠકો પર થયેલી રસાકસી સૂચવે છે કે લોકશાહીમાં દરેક મતનું મૂલ્ય અત્યંત નિર્ણાયક હોય છે અને નજીવી સરસાઈ પણ સત્તાના સમીકરણો બદલી શકે છે.









# બગસરા પાલિકામાં ભાજપનો વિજય તો તાલુકામાં 'આપ'નો ઐતિહાસિક ઉદય

બગસરા,તા.૨૮



બગસરા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજકીય વિશ્લેષકોને ચોંકાવી દીધા છે. નગરપાલિકામાં ભાજપે કોઈ પણ મોટા ગજાના નેતાઓને ટિકિટ ન આપી હોવા છતાં ૨૨ બેઠકો સાથે ભવ્ય વિજય મેળવી સત્તા જાળવી રાખી છે, જ્યારે કોંગ્રેસ માત્ર ૬ બેઠકો પર સમેટાઈ ગઈ છે. જોકે, સાચી ઉથલપાથલ તાલુકા અને જિલ્લા પંચાયતમાં જોવા મળી છે. તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીએ ૧૦ બેઠકો પર ઐતિહાસિક વિજય મેળવીને સત્તા કબજે કરી છે, જ્યારે ભાજપ માંડ ૬ બેઠકો મેળવી શકી છે. ગ્રામીણ વિસ્તારોમાં ભાજપ પ્રત્યેનો અસંતોષ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે, જેના કારણે જિલ્લા પંચાયતની બે બેઠકોમાંથી એક બેઠક પણ 'આપ'ના ફાળે ગઈ છે. ભાજપના આંતરિક વિરોધ અને ટિકિટ વિતરણના વિવાદો છતાં શહેરમાં તેમનો દબદબો રહ્યો, પરંતુ ગામડાઓમાં વિસાવદર જેવી સ્થિતિ સર્જાતા ભાજપ માટે ચિંતાનો વિષય બન્યો છે.

# મોટા દેવળીયા જીલ્લા પંચાયત બેઠક પર મીનાબેન કોઠીવાળની ભવ્ય હેટ્રિક

બાબરા,તા.૨૮



બાબરા તાલુકાની મોટા દેવળીયા જીલ્લા પંચાયત બેઠક પર મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળે ફરી એકવાર જનતાનો અતૂટ વિશ્વાસ સંપાદિત કરીને સતત ત્રીજી વખત ભવ્ય વિજય મેળવ્યો છે. આ શાનદાર જીત માત્ર એક વ્યક્તિગત સફળતા નથી, પરંતુ તે વિસ્તારના વિકાસ પ્રત્યેના તેમના અવિરત સમર્પણ અને જનસેવાના કાર્યોની પ્રતીતિ કરાવે છે. મીનાબેન કોઠીવાળે પોતાના અગાઉના કાર્યકાળ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ, પાકા રસ્તાઓ, પીવાના પાણીની સુવિધા અને શિક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી છે. તેમના સકારાત્મક અભિગમ અને પ્રજાજનો સાથેના સ્નેહભર્યા સંબંધોને કારણે જનતાએ તેમને આ વખતે પણ જંગી બહુમતીથી વિજેતા બનાવ્યા છે. જીત બાદ મીનાબેને તમામ મતદારોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને આગામી સમયમાં પણ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ વિજયને પગલે સમર્થકો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# બાબરા નગરપાલિકા ચૂંટણીમાં ભાજપનો કેસરીયો લહેરાયો

બાબરા,તા.૨૮

બાબરા નગરપાલિકાની તાજેતરની ચૂંટણીમાં ભાજપે એકતરફી વિજય મેળવીને પોતાની પકડ મજબૂત કરી છે. કુલ ૨૪ ઉમેદવારો વચ્ચે ખેલાયેલા આ ત્રિપાંખિયા જંગમાં ભાજપે શાનદાર પ્રદર્શન કરતા ૨૨ બેઠકો પર કબજો જમાવ્યો છે, જ્યારે વિપક્ષ કોંગ્રેસના ફાળે માત્ર ૨ બેઠકો જ આવી છે.

જોકે, ભાજપની આ ભવ્ય જીતની સાથે એક મોટો આંચકો પણ સામે આવ્યો છે, જેમાં વર્તમાન પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના પત્નીનો અનપેક્ષિત પરાજય થતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે.

બીજી તરફ, કોંગ્રેસ માટે બટુકભાઈ મુંધવાના પત્નીની જીત રાહતના સમાચાર સમાન રહી છે.

**ભાજપના વિજય વચ્ચે જોવા મળ્યો મોટો રાજકીય ઉલટફેર**

**નાગેશ્રી જિલ્લા પંચાયતની બેઠક પરથી ભાજપના ઉમેદવાર શારદાબેન કરસનભાઈ ભીલ વિજેતા બન્યા**

# જાફરાબાદ તાલુકા પંચાયતની ૧૩ બેઠકોમાંથી ૧૧ પર ભાજપનો કબજો

જાફરાબાદ,તા.૨૮



જાફરાબાદ તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો જાહેર થતા જ રાજકીય માહોલ ગરમાયો છે. જાફરાબાદ તાલુકા પંચાયતની કુલ ૧૩ બેઠકોના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનું વર્ચસ્વ સ્પષ્ટપણે જોવા મળ્યું હતું.

૧૩ બેઠકોમાંથી ભાજપે ૧૧ બેઠકો પર ભવ્ય વિજય મેળવીને સત્તા જાળવી રાખી છે જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર બે બેઠકો ગઈ છે. આ પરિણામોની જાહેરાત થતા જ વિજેતા ઉમેદવારોના સમર્થકોમાં ભારે હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. તાલુકા પંચાયત ઉપરાંત જિલ્લા પંચાયતની બે મહત્વની બેઠકો પર પણ સૌની નજર હતી. નાગેશ્રી જિલ્લા પંચાયતની બેઠક પરથી ભાજપના ઉમેદવાર શારદાબેન કરસનભાઈ ભીલ વિજેતા જાહેર થયા છે. તેવી જ રીતે ટીંબી જિલ્લા પંચાયતની બેઠક પર પણ ભાજપના રમેશભાઈ બાંભણિયાએ જીત હાંસલ કરી છે. જાફરાબાદની મોર્ડન સ્કૂલ ખાતે વહેલી સવારથી જ ઉમેદવારો અને કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા. આ પરિણામો બાદ સમગ્ર પંથકમાં વિજય સરઘસો અને ફટાકડા ફોડીને વિજયની ઉજવણી કરવામાં આવી હતી.

# સાવરકુંડલા પાલિકામાં ભાજપની બહુમતી પરંતુ કોંગ્રેસે ૧૧ સીટ મેળવી નોંધપાત્ર દેખાવ કર્યો

સાવરકુંડલા,તા.૨૮



સાવરકુંડલા નગરપાલિકાની તાજેતરની ચૂંટણીમાં કોંગ્રેસે નોંધપાત્ર દેખાવ કરીને રાજકીય વર્તુળોમાં સૌનું ધ્યાન ખેંચ્યું છે. છેલ્લી ટર્મમાં માત્ર ૫ સીટ ધરાવતી કોંગ્રેસે આ વખતે ૧૧ સીટ મેળવીને મોટો ઉછાળો નોંધાવ્યો છે, જે વિરોધ પક્ષ માટે 'સંજીવની' સમાન સાબિત થયો છે. ખાસ કરીને વડાપ્રધાનની લહેર અને મર્યાદિત સંગઠન વચ્ચે આ પ્રદર્શન કાર્યકરોમાં નવો આત્મવિશ્વાસ જગાડનારું છે. વોર્ડ નંબર ૬માં ભાજપના દિગ્ગજોના નિવાસસ્થાન હોવા છતાં, ભાજપ છોડીને આવેલા ધર્મેન્દ્ર મહેતાએ ભવ્ય જીત મેળવી શાસક પક્ષના પાયા હચમચાવી દીધા છે. જોકે, વોર્ડ ૧ થી ૪માં ભાજપે પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે, પરંતુ ૫ થી ૧૧ સીટ સુધીનો કોંગ્રેસનો પ્રવાસ આગામી સમયમાં સ્થાનિક સ્તરે સત્તાધારી પક્ષ માટે પડકારજનક બની શકે છે. આ પરિણામ સાવરકુંડલામાં નવા રાજકીય પ્રકરણની શરૂઆત તરફ ઈશારો કરે છે.

# ભાજપના ગઢ ગણાતા હામાપુરમાં 'આપ'એ જિલ્લા પંચાયત સીટ કબજે કરી

બગસરા,તા.૨૮


તસવીર :હાર્દિક બામટા

બગસરા તાલુકાના સૌથી મોટા ગામ અને ભાજપના મજબૂત ગઢ ગણાતા હામાપુરમાં આ વખતે જે પરિણામો આવ્યા છે તેણે રાજકીય વિશ્લેષકો અને ખુદ ભાજપના હોદ્દેદારોને વિચારતા કરી દીધા છે. વર્ષોથી ભાજપ પ્રત્યે વફાદાર રહેલા આ ગામમાં આ વખતે આમ આદમી પાર્ટીને જંગી લીડ મળતા આશ્ચર્ય સર્જાયું છે. સામાન્ય રીતે આ ગામને તાલુકામાં સૌથી વધુ ગ્રાન્ટ અને સુવિધાઓ ફાળવવામાં આવતી હોય છે, છતાં ચાર બુથોમાં ભાજપના જિલ્લા પંચાયતના ઉમેદવારને માત્ર ૬૧૪ મત મળ્યા, જ્યારે તેની સામે આમ આદમી પાર્ટીને ૧૧૦૩ મતો મળતા મોટું ગાબડું પડ્યું છે. તાલુકા પંચાયતની બેઠક પર પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી.

લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે ભાજપના જ સ્થાનિક આગેવાનોની અવગણના થવાને કારણે આંતરિક વિરોધના ફળસ્વરૂપે આ પરિણામ આવ્યું છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આ પરિવર્તન 'આપ'ની લોકપ્રિયતા છે કે ભાજપના કાર્યકરોનો આક્રોશ.


# જિલ્લામાંથી ૫ શરાબી ઝડપાયા

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના દિવસે વિવિધ વિસ્તારોમાંથી પોલીસે ૫ શરાબીઓને ઝડપી પાડ્યા હતા. ડેડાણ, જાફરાબાદ, પાણીયા, જેજાદ અને ધારેશ્વર ગામેથી એક-એક મળી કુલ પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# લીલીયામાં નલ સે જલ યોજના અંતર્ગત હાઉસ કનેક્શનની ધીમી કામગીરી

લીલીયા,તા.૨૮



લીલીયા શહેરમાં કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી 'નલ સે જલ' યોજના અંતર્ગત હાઉસ કનેક્શન આપવાની કામગીરી હાલ સ્થાનિકો માટે આશીર્વાદને બદલે આફત સમાન બની ગઈ છે. છેલ્લા એક મહિનાથી કિકાણી પ્લોટ, ઉમિયા મંદિર અને પાનસુરીયા પ્લોટ જેવા મુખ્ય વિસ્તારોમાં કામગીરી અત્યંત મંદ ગતિએ ચાલી રહી છે. એજન્સી દ્વારા કનેક્શન આપવાના બહાને ઠેર-ઠેર કુવા સમાન ઊંડા ખાડાઓ ખોદી દેવામાં આવ્યા છે, પરંતુ તેને પુરાવાની તસ્દી લેવામાં આવી નથી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ. રજનીકાંતભાઈ ધીરજલાલ મગીયા ઉ. વર્ષ (૭૬) સાવર કુંડલા નિવાસી હાલ મીરાં રોડ મુંબઈ અરિહંત શરણ તા. ૨૫.૪.૨૬ તે ચંપાબેન ધીરજલાલ મગીયા ના પુત્ર તે હર્ષાબેન ના પતિ, પુજા,પાર્થ સારથી, હર્ષ ના પિતાજી , કેયુર કુમાર, ક્રિનલ ના સસરા, કેનીષા ના દાદા, માનીત, દેવાંશી ના નાના, મગીયા અનીલભાઈ અને કિરીટભાઇ ના ભાઈ, તેમજ બાલ બ્રહ્મચારી સ્વ. વિમળાબાઈ મહાસતીજી , સ્વ.નાનીબેન પી. શેઠ (દેવલાલી), સ્વ.પુષ્પાબેન એન.શાહ (કલકતા), દમયંતીબેન એન.દેસાઈ , પ્રફુલ્લાબેન ડી. પારેખ ના ભાઈ, સ્વ. ઈન્દીરાબેન અનિલભાઈ, સૌ.રીટા બેન કિરીટભાઇ ના દિયર, સ્વ.અંજવાળીબેન લાલચંદભાઈ વોરાના જમાઈ.બંને પક્ષ ની પ્રાર્થનાસભા - ૩૦-૦૪-૨૦૨૬ સાંજે - ૪ થી ૫:૩૦ પાવનધામ મહાવીર નગર કાંદીવલી - વેસ્ટ - મુંબઈ ખાતે રાખેલ છે


**સાવરકુંડલા**

રામશંકર છોટાલાલ દવે (ઉ.વ ૭૪) તે ગં.સ્વ.-વર્ષાબેન દવે ના પતિ, તે સ્વ ગણપતભાઇ દવે , સ્વ.દશરથભાઈ દવે , સ્વ કાંતિભાઈ દવે , શ્રી સતીશભાઈ દવે ,કિરીટભાઇ દવે ( પીઠવડી ) ના ભાઈ સંજય ભાઈ દવે અને દેવયાની બેન ના પિતાશ્રી તથા વિપુલકુમાર વ્યાસ મેરિયાના સસરા નું તા ૨૮/૪/૨૬ મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગત બેસણું તા.૩૦/૪/૨૬ ગુરુવાર ના રોજ સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ કલાકે .મુ. પીઠવડી, તા. સાવરકુંડલા મુકામે રાખેલ છે


સંકુલ સ્કૂલ ગર્લ્સને અભ્યાસમાં મંડયા રહેવા પેરેન્ટ્સનાં સુચનથી ફોન રાખવાની મનાઈ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad023


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સ્પે. વેકેશન બેચ સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧


BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર


ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

તંત્રી લેખ

# વૈશ્વિક ઊર્જા સંકટ હવે હળવુ બનશે

વૈશ્વિક સ્તરે ઊર્જાની કિંમતો સતત વધી રહી છે અને વિવિધ યુધ્ધો તથા ભૂરાજકીય તણાવના કારણે તેલના બજારમાં અસ્થિરતા સર્જાઈ છે. આવા સંજોગોમાં ભારત સરકારની મહારત્ન કંપની ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (OIL)ને લીબિયામાં તેલ અને ગેસના નવા ભંડારની શોધ મળી હોવું એક મહત્વપૂર્ણ સિધ્ધ ગણાય છે. આ સફળતા માત્ર એક કંપનીની સિધ્ધિ નથી, પરંતુ ભારતની ઊર્જા સુરક્ષા માટેના લાંબા ગાળાના દ્રષ્ટિકોણનું પ્રતીક છે.ઓઈલ ઈન્ડિયા લિમિટેડની સ્થાપના ૧૯૫૯માં થઈ હતી અને તેનું મુખ્યાલય ઉત્તર પ્રદેશના નોઈડામાં આવેલું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય હેઠળ કાર્યરત આ કંપની એક સંકલિત ઊર્જા ઉપક્રમ છે. કંપની ક્રુડ ઓઈલ અને કુદરતી ગેસની શોધ, ઉત્પાદન, વિકાસ તેમજ એલપીજી ઉત્પાદન અને પાઈપલાઈન દ્વારા પરિવહન જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલી છે. તેની પાસે લગભગ ૧,૧૫૭ કિલોમીટર લાંબી ક્રુડ ઓઈલ પાઈપલાઈન છે.OILની કામગીરી માત્ર ભારત પૂરતી મર્યાદિત નથી. કંપની લીબિયા, મોઝામ્બિક, વેનેઝુએલા અને રશિયા સહિત અનેક દેશોમાં પોતાની હાજરી ધરાવે છે. તાજેતરના નાણાકીય પરિણામોમાં કંપનીએ ૧,૪૩૬ કરોડ રૂપિયાનો નફો નોંધાવ્યો છે, જ્યારે તેની સહાયક કંપની નુમાલીગઢ રિફાઈનરીએ પણ ઉત્તમ પ્રદર્શન કરીને નોંધપાત્ર વૃધ્ધિ મેળવી છે.લીબિયાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઘડામેસ બેસિનમાં બ્લોક ૯૫-૯૬માં થયેલી આ નવી શોધ ઊર્જા ક્ષેત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આશરે ૬,૬૩૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા આ બ્લોકમાં ઊર્જા સંસાધનોની વિશાળ સંભાવના છે. આ પ્રોજેક્ટમાં OILનો ૨૫ ટકા હિસ્સો છે અને તે એક ભારતીય કન્સોર્ટિયમનો ભાગ છે, જેમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જેવી મોટી કંપની પણ સામેલ છે.આ શોધ એવા સમયે થઈ છે જ્યારે બ્રેન્ટ ક્રૂડના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઉપર ચાલી રહ્યા છે અને વૈશ્વિક પુરવઠો અનિશ્ચિત બન્યો છે. ભારત જેવા આયાત આધારિત દેશ માટે આ શોધ ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં સહાયક બની શકે છે.મધ્ય-પૂર્વ પર ભારતની ઊર્જા નિર્ભરતા લાંબા સમયથી ચિંતાનો વિષય રહી છે. લીબિયામાં ભારતીય કંપનીની હાજરી એ દર્શાવે છે કે ભારત હવે પોતાના ઊર્જા સ્ત્રોતોને વૈવિધ્યસભર બનાવવા માટે ગંભીરતાથી પ્રયત્ન કરી રહ્યું છે. આ પગલું 'લુક વેસ્ટ' નીતિને વધુ મજબૂત બનાવે છે અને આફ્રિકા ખંડમાં ભારતના પ્રભાવને પણ વિસ્તારે છે.તેમ છતાં, લીબિયા રાજકીય અસ્થિરતા અને ગૃહયુધ્ધથી પ્રભાવિત દેશ છે. આવા પરિસ્થિતિમાં ઉત્પાદન અને કામગીરીમાં સુરક્ષા સંબંધિત પડકારો ઉભા થઈ શકે છે.આ સફળતા સાથે કેટલાક પડકારો પણ જોડાયેલા છે. વૈશ્વિક સ્તરે ગ્રીન એનર્જી તરફ વધતા ઝોકને કારણે પરંપરાગત ઊર્જા સ્ત્રોતોની માંગ ભવિષ્યમાં ઘટી શકે છે. તેથી ભારત માટે જરૂરી છે કે તે આ શોધને માત્ર ટૂંકા ગાળાના લાભ સુધી મર્યાદિત ન રાખે, પરંતુ લાંબા ગાળાની વ્યૂહરચનામાં તેને સમાવેશ કરે.ઓઈલ ઈન્ડિયા પહેલેથી જ વર્ષ ૨૦૪૦ સુધી 'નેટ ઝીરો' લક્ષ્ય તરફ આગળ વધી રહી છે, જે તેની પર્યાવરણીય પ્રતિધ્ધતાને દર્શાવે છે.લીબિયામાં ઓઈલ ઈન્ડિયાની આ સફળતા વૈશ્વિક ઊર્જા સંકટ વચ્ચે આશાનો કિરણ બનીને આવી છે. તે માત્ર એક વ્યાપારી સફળતા નથી, પરંતુ આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. જો યોગ્ય વ્યૂહરચના, આંતરરાષ્ટ્રીય સહયોગ અને સુરક્ષા વ્યવસ્થાઓ સાથે આગળ વધવામાં આવે, તો આ શોધ ભારતની ઊર્જા સુરક્ષાને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે છે.

# બગસરા એસ.ટી.ડેપોમાં કર્મચારીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી

બગસરા,તા.૨૮

બગસરા એસ.ટી. બસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને એક વિશેષ મેડિકલ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ડેપોમાં કાર્યરત ડ્રાઈવર કંડક્ટર અને મિકેનિકલ સ્ટાફ સહિતના તમામ નાના-મોટા કર્મચારીઓની સંપૂર્ણ શારીરિક તપાસ કરવામાં આવી હતી. આ



સમગ્ર આયોજન અંગે વિગતો આપતા બગસરા ડેપો મેનેજર નિમીષાબા ગઢવીએ જણાવ્યું હતું કે એસ.ટી. નિગમના કર્મચારીઓ દિવસ-રાત જનતાની સેવામાં કાર્યરત રહેતા હોય છે ત્યારે તેમના ઉત્તમ સ્વાસ્થ્યની કાળજી લેવી એ વિભાગની નૈતિક જવાબદારી બને છે. આ મેડિકલ કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબો દ્વારા કર્મચારીઓના બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી તપાસ કરવામાં આવી હતી તથા જે કર્મચારીઓને કોઈ બીમારી જણાઈ હતી તેમને તાત્કાલિક ધોરણે જરૂરી દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને લાંબા અંતરના રૂટ પર જતા ડ્રાઈવરો માટે આંખની તપાસ અને માનસિક તણાવ મુક્ત રહેવા માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ખેતરના રસ્તાના રસ્તા સરખા કરતી વખતે ટ્રેક્ટર પલટી જતાં ચાલકનું મોત

ચલાલા, તા. ૨૮

વાડી ખેતરના રસ્તાના ચીલા સરખા કરતી વખતે એક વ્યક્તિનું ટ્રેક્ટર નીચે દબાઈ જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ટ્રેક્ટર અચાનક ઊંધું વળી જતાં આ દુર્ઘટના ઘટી હતી. આ અંગે યાશીનભાઈ કમાલદીનભાઈ નહર (ઉ.વ. ૩૮) એ જાહેર કર્યા મુજબ, ટ્રેક્ટરના ચાલક કમાલદીનભાઈ જમાલભાઈ નહર (ઉ.વ. ૬૧, રહે. મોરઝર ગામ, ધારી રોડ, ૬૬ કે.વી. સબસ્ટેશન સામે) પોતાની વાડીએ જવાના રસ્તે ટ્રેક્ટર ચલાવી રહ્યા હતા. રસ્તામાં પથ્થર અને ચીલા સરખા કરતી વખતે ટ્રેક્ટર પરથી કાબૂ ગુમાવતા ટ્રેક્ટર અચાનક પલટી ખાઈ ગયું હતું. ટ્રેક્ટર નીચે દબાઈ જતાં તેમને ચહેરા અને છાતીના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એલ. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના દુધાળા ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાનું અપહરણ

**સગીરાના પિતાએ લાઠી પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોંધાવી**

લાઠી, તા. ૨૮

લાઠીના દુધાળા ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાનું અપહરણ થતાં ચકચાર મચી ગઈ છે. આ બનાવ અંગે સગીરાના પિતાએ ભાવનગરના તળાજા તાલુકાના શેળાવદર ગામના જુવાનસિંહ હુરસિંહ ડામોર (ઉ.વ. ૩૮) સામે ફરિયાદ નોંધાવી છે.

ફર્યાદ મુજબ, આરોપી તેમની દીકરીને દુધાળા ગામની સીમમાંથી લલચાવી-ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.બી. ઓસુરા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં અકસ્માતના બે બનાવમાં એકનું કરૂણ મોત

**ખેરા ગામ પાસે બે મોટરસાયકલ વચ્ચે અકસ્માત**

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં અકસ્માતની બે અલગ-અલગ ઘટનાઓ બની હતી, જેમાં એક યુવાનનું કરૂણ મોત નીપજ્યું છે. પ્રથમ બનાવમાં, ચાંચ ગામથી ખેરા તરફ આવી રહેલા એક યુવાનની મોટરસાયકલને સામેથી આવતા અન્ય મોટરસાયકલ ચાલકે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે જસમતભાઈ નામના યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ચોથીબેન છગનભાઈ ગુજરીયા (ઉ.વ. ૭૦)એ ગણપતભાઈ જેસરભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો દીકરો જસમતભાઈ મોટરસાયકલ લઈને ચાંચ ગામથી ખેરા તરફ આવી રહ્યો હતો. ખેરા ગામે રામાપીરના મંદિર પાસે પહોંચતા, સામેથી આવતા મોટરસાયકલ ચાલક ગણપતભાઈએ તેને ટક્કર મારી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.બીજા બનાવમાં, ખાંભાની રાજધાની હોટલ પાસે મોડી રાત્રે બે લક્ઝરી કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એક અજાણ્યા સ્વિફ્ટ કાર ચાલકે એસ-ક્રોસ કારને ટક્કર મારતા, તે કાર રોડ સાઈડ ઉભેલા ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતને કારણે વાહનોને ભારે નુકસાન થયું હતું. અકસ્માત સર્જી સ્વિફ્ટ કારનો ચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

# બગસરામાં શરબતનો પાવડર સમજી ઝેરી દવા પી લેતા કિશોરીનું મોત

બગસરા, તા. ૨૮

બગસરામાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં શરબતનો પાવડર સમજીને ભૂલથી ઝેરી પાવડર પી લેવાને કારણે એક કિશોરીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. મળતી વિગત મુજબ, ધોરણ ૯માં ભણતી કિશોરીએ ઘરે રાખેલી એક પાવડરની પડીકીને શરબત બનાવવાનો પાવડર માની લીધો હતો.

ગરમી કે અન્ય કારણોસર શરબત પીવાની ઈચ્છા થતા તેણે આ પાવડરનું મિશ્રણ બનાવી તેનું સેવન કર્યું હતું. જોકે, આ પડીકી હકીકતમાં ખેતીકામ અથવા અન્ય કામ માટે વપરાતી કોઈ ઝેરી દવાની હોવાનું બહાર આવ્યું હતું.

ઝેરી અસર થવાને કારણે તેની તબિયત લથડતા તાત્કાલિક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના વિજપડી ગામે પુરુષનો ગળાફાંસો

**સા.કુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. પી. એ. ગોહિલ વધુ તપાસ હાથ ધરી**

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાના વિજપડી ગામે રહેતા એક પુરુષે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવ અંગે સોહીલભાઈ સુલતાનભાઈ સૈયદે (ઉ.વ. ૨૫) જાહેર કર્યા મુજબ, અતુલભાઈ દાદુભાઈ કુરેશી (ઉ.વ. ૪૬) એ અગમ્ય કારણોસર પોતાના ઘરના રૂમમાં લોખંડના પાઈપ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. પી. એ. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૪૫ | ૧૭૮૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૮૪ |
| જુવાર સફેદ | ૭૭૦ | ૯૭૧ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૦૭ |
| જુવાર પીળી | ૪૩૦ | ૪૮૦ |
| બાજરી | ૩૨૦ | ૪૦૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૫૨૬ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૧૪૦ | ૧૭૪૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૬૪ |
| મગ | ૧૦૭૧ | ૧૯૧૪ |
| વાલ દેશી | ૮૨૦ | ૧૧૫૧ |
| ચોળી | ૮૦૦ | ૧૧૦૦ |
| મઠ | ૭૦૦ | ૧૨૨૫ |
| વટાણા | ૬૫૦ | ૧૦૨૦ |
| રાજમા | ૬૫૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૧૮૬૦ |
| મગફળી જાડી | ૧૨૪૦ | ૧૪૨૫ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૦૦ |
| તલી | ૧૮૦૦ | ૨૧૬૦ |
| સુરજમુખી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૬૬ |
| અજમો | ૧૦૦૦ | ૧૮૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૬૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૬૦૦ |
| લસણ | ૭૮૦ | ૧૬૦૦ |
| ધાણા | ૨૨૬૦ | ૨૪૯૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૫૪૮ |
| વરીયાળી | ૧૨૫૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૩૫૩૫ | ૪૦૧૨ |
| રાય | ૧૧૨૦ | ૧૫૧૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૮૯૦ |
| કલોંજી | ૨૭૦૦ | ૩૫૧૦ |
| રાયડો | ૧૦૫૬ | ૧૨૨૭ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૧૧ | ૬૩૪ |
| લીંબુ | ૧૮૮૪ | ૩૮૦૫ |
| સાકરટેટી | ૧૫૨ | ૩૦૧ |
| તરબુચ | ૧૧૪ | ૨૨૬ |

| | | |
|---|---|---|
| પપૈયા | ૭૧ | ૧૪૪ |
| બટેટા | ૯૪ | ૨૫૩ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૫૧ |
| ટમેટા | ૨૭૮ | ૫૩૫ |
| સુરણ | ૭૧૫ | ૯૧૮ |
| કોથમરી | ૩૩૨ | ૫૫૬ |
| મુળા | ૩૮૮ | ૫૮૬ |
| રીંગણા | ૧૦૮ | ૩૦૬ |
| કોબીજ | ૧૧૦ | ૨૦૫ |
| ફ્લાવર | ૩૬૦ | ૫૮૨ |
| ભીંડો | ૯૫ | ૧૫૯ |
| ગુવાર | ૨૨૯ | ૬૭૯ |
| ચોળાસીંગ | ૩૧૪ | ૫૨૨ |
| ટીંડોળા | ૨૮૨ | ૬૧૪ |
| દુધી | ૧૦૧ | ૨૧૨ |
| કારેલા | ૨૦૨ | ૩૫૮ |
| સરગવો | ૨૬૪ | ૫૫૨ |
| તુરીયા | ૨૮૬ | ૪૭૨ |
| પરવર | ૬૩૧ | ૮૦૫ |
| કાકડી | ૧૭૮ | ૩૧૭ |
| ગાજર | ૨૪૪ | ૪૮૪ |
| વટાણા | ૧૪૨૪ | ૧૮૩૫ |
| ગલકા | ૧૪૨ | ૨૨૮ |
| બીટ | ૧૦૬ | ૨૧૧ |
| મેથી | ૫૭૮ | ૯૯૬ |
| ડુંગળી લીલી | ૨૬૬ | ૪૦૧ |
| આદુ | ૮૨૯ | ૧૦૩૫ |
| મરચા લીલા | ૪૨૮ | ૬૪૪ |
| મકાઇ લીલી | ૧૪૫ | ૨૪૩ |
| ગુંદા | ૨૭૬ | ૫૦૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૮૩૧ |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૭૬ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૮૯૧ |
| સિંગદાણા જાડા | ૧૭૬૧ | ૧૮૧૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૬૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૨૯૧ |
| જીરૂ | ૨૩૫૧ | ૪૨૪૧ |
| કલંજી | ૧૨૫૧ | ૩૫૦૧ |
| વરીયાળી | ૮૦૧ | ૧૪૫૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૭૩૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૭૦૧ | ૬૩૦૧ |
| લસણ સુકું | ૫૬૧ | ૧૫૩૧ |

| | | |
|---|---|---|
| ડુંગળી લાલ | ૫૬ | ૨૬૬ |
| અડદ | ૯૧૧ | ૧૨૨૧ |
| મઠ | ૬૨૧ | ૬૨૧ |
| તુવેર | ૭૦૦ | ૧૫૭૧ |
| રાયડો | ૧૦૫૧ | ૧૧૦૧ |
| રાય | ૮૯૧ | ૧૧૯૧ |
| મેથી | ૧૦૫૧ | ૧૫૬૧ |
| કાંગ | ૨૦૦ | ૫૯૧ |
| મરચા | ૨૪૦૧ | ૬૪૦૧ |
| મગફળી જાડી | ૧૦૧૧ | ૧૬૪૫ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૮૫૧ |
| મગફળી ૬૬ | ૧૨૮૧ | ૧૨૮૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૨૧૧ |
| ધાણી | ૧૮૦૧ | ૨૮૫૧ |
| મરચા સૂકા ઘોલર | ૨૦૦૧ | ૬૬૦૧ |
| ડુંગળી સફેદ | ૨૨૦ | ૨૫૪ |
| બાજરો | ૨૫૧ | ૩૩૧ |
| જુવાર | ૪૪૧ | ૮૧૧ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૧ |
| મગ | ૮૦૦ | ૧૮૫૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૦૧ |
| વાલ | ૫૫૧ | ૧૩૦૧ |
| ચોળા / ચોળી | ૩૦૦ | ૧૦૪૧ |
| સોયાબીન | ૧૦૪૧ | ૧૧૯૧ |
| ગોગળી | ૯૨૧ | ૧૩૦૧ |
| વટાણા | ૫૦૧ | ૧૦૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૮૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦ | ૯૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦ | ૫૦૦ |
| કાકડી | ૬૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૦ | ૬૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૩૬૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૭૦ | ૨૪૦ |

| | | |
|---|---|---|
| કોથમીર પુરા | ૨ | ૪ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફ્રોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૫ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૭૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૪૦૦ | ૧૪૧૫ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૮૨૦ |
| શિંગ દાણા ફાડા | ૧૩૦૦ | ૧૮૪૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૪૫ |
| કાળા તલ | ૧૭૨૦ | ૩૬૭૫ |
| બાજરો | ૪૭૦ | ૪૮૫ |
| જુવાર | ૪૦૦ | ૮૮૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૫ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૫૧૦ |
| ચણા | ૯૬૦ | ૧૦૭૦ |
| સફેદ ચણા | ૧૦૨૦ | ૧૧૫૫ |
| છોલે ચણા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| તુવેર | ૯૫૦ | ૧૪૯૦ |
| કપાસ | ૮૬૦ | ૧૮૬૦ |
| એરંડા | ૧૦૪૦ | ૧૨૪૦ |
| જીરુ | ૨૭૦૦ | ૩૭૯૦ |
| રાયડો | ૯૫૫ | ૧૦૫૫ |
| રાય | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ધાણા | ૧૯૦૦ | ૨૩૯૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૫૭૫ |
| અજમાં | ૧૪૦૦ | ૨૩૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૧૧૮૫ | ૧૨૦૦ |
| મરચાં લાંબા | ૧૫૦૦ | ૨૦૫૦ |
| કાંગ | ૫૧૫ | ૫૧૫ |

| | | |
|---|---|---|
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૪૦ |
| રીંગણા | ૩૫૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૩૩૦ | ૪૦૦ |
| ટમેટાં | ૪૫૦ | ૫૫૦ |
| સુરણ | ૭૯૦ | ૯૦૦ |
| ગાજર | ૪૨૦ | ૪૯૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૩૦ | ૬૨૦ |
| ગલકા | ૧૬૦ | ૨૧૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૫૦ | ૩૦૦ |
| ગુવાર | ૩૫૦ | ૫૦૦ |
| કાચીકેરી | ૬૫૦ | ૯૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૧૯૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૪૨૦ |
| તુરીયા | ૨૨૦ | ૩૦૦ |
| પાકીકેરી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| ગરમર | ૬૩૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૩૦૦ |
| આદુ | ૧૧૪૦ | ૧૨૬૦ |
| કોથમીર | ૫૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૭૩૦ | ૮૦૦ |
| ફ્રોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૩૦ |
| બીટ | ૨૨૦ | ૨૯૦ |
| સરગવો | ૩૫૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૩૫૦૦ | ૪૦૦૦ |
| લસણ સુકું | ૧૦૪૦ | ૨૦૦૦ |
| પાલક | ૩૨૦ | ૪૩૦ |
| લીંબુ | ૩૦૦૦ | ૩૫૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૨૦ | ૧૪૭૫ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૯૫ |
| શીંગ ઉનાળુ | ૧૩૫૦ | ૧૫૨૨ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૫૫૦ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૦૦ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૪૬૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૯૧ |
| બાજરો | ૩૮૦ | ૫૭૦ |
| જુવાર | ૪૮૦ | ૯૦૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૮૦ |
| દેશી ચણા | ૧૦૩૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૧૧ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૩૫ |
| મેથી | ૯૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૮૫૦ | ૨૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૩૦ | ૧૮૮૬ |
| કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૫૫ | ૧૪૨૦ |
| જીરૂ | ૩૧૨૫ | ૩૯૪૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ઘઉં | ૪૪૫ | ૫૩૪ |
| તુવેર | ૧૧૪૫ | ૧૨૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૬૫ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૪૮૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૪ |
| ધાણા | ૨૨૮૦ | ૨૪૧૫ |
| એરંડી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| તુવેર | ૧૧૨૫ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| મગફળી | ૧૦૧૫ | ૧૨૯૫ |
| મેથી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| શીંગફાડા | ૧૫૨૦ | ૧૫૪૦ |
| અડદ | ૧૧૪૦ | ૧૧૪૦ |
| લસણ | ૨૦૦ | ૨૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૨૦ | ૧૨૫૧ |
| ઘઉં | ૪૫૬ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૦૧ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૮ |
| સફેદ ચણા | ૧૧૨૫ | ૧૧૨૫ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૨૪ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૯ |
| જુવાર | ૩૩૧ | ૭૧૯ |
| બાજરી | ૩૧૧ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૭૮ |
| અડદ | ૧૦૦૧ | ૧૭૦૦ |
| મગ | ૬૮૫ | ૧૯૫૦ |
| સોયાબીન | ૧૦૯૯ | ૧૦૯૯ |
| મેથી | ૪૩૫ | ૧૨૫૧ |
| ચણા | ૫૦૦ | ૧૦૪૫ |
| તલ | ૧૮૯૭ | ૨૫૫૦ |
| તલ કાળા | ૧૪૯૦ | ૩૬૪૮ |
| તુવેર | ૮૭૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૩૬ |
| ડુંગળી સફેદ | ૧૯૨ | ૨૮૯ |
| નાળિયેર | ૩૩૩ | ૨૭૪૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૨૫ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૨૬૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૦૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૯૧ |
| બાજરો | ૨૬૦ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૪૮૫ |
| જુવાર | ૩૫૦ | ૯૬૦ |
| મકાઈ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૧૮૧૦ | ૧૮૫૧ |
| અડદ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૭૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૨૧૦૧ | ૨૪૫૦ |
| મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| સોયાબીન | ૧૧૨૧ | ૧૧૪૦ |
| રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| રાજગરો | ૧૭૭૫ | ૧૭૭૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૬૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૭૦૧ | ૧૫૦૧ |

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૧ | ૧૪૧૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૮૧ |
| મેથી | ૬૫૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૫૧ |
| સોયાબીન | ૭૫૧ | ૧૧૬૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૯૯ | ૧૩૮૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૧ | ૫૨૫ |
| ઘઉં | ૪૦૫ | ૫૨૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૩૬૬ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૦૬ |
| જુવાર | ૬૫૦ | ૮૦૪ |
| ચોળી | ૭૦૦ | ૧૪૭૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૩૦ |
| મગ | ૧૩૦૦ | ૨૦૪૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૬ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૧૭૭૬ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૪૬૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૮૮૫ |
| બાજરો | ૪૪૦ | ૪૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૦ |
| મગ | ૬૦૦ | ૮૦૦ |
| અડદ | ૫૦૦ | ૬૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૭૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૫૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૩ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૨૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૩૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૩૫ |
| રાઈ | ૧૧૫૦ | ૧૩૮૫ |
| લસણ | ૭૮૦ | ૧૪૩૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૩૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૯૫૫ |
| અજમો | ૧૩૦૦ | ૩૩૪૦ |
| અમજમાની ભૂસી | ૩૦ | ૨૦૨૦ |
| ધાણા | ૧૮૭૦ | ૨૫૩૫ |
| ડુંગળી | ૪૦ | ૧૭૫ |
| વટાણા | ૫૦૦ | ૧૦૦૦ |
| કલોંજી | ૧૧૦૦ | ૩૪૦૦ |


લાગે તો તીર : - ભલે ગરીબનો રોટલાનો ટૂંકડો અને છાંસ મળે. પણ..
06

# મમતા બેનરજીની વિદાય પાકી ?



મમતાનો અસ્ત નજીક છે ?

દેશનાં પાંચ રાજ્યો પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીની ચૂંટણીમાં સૌથી વધારે ચર્ચા પશ્ચિમ બંગાળની છે. બાકીનાં ૪ રાજ્યોમાં મતદાન પતી ગયું છે અને આજે ૨૯ એપ્રિલે પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું મતદાન પતશે એ પછી સૌની નજર ૪ મેના રોજ જાહેર થનારાં પરિણામો પર હશે. તેમાં પણ સૌને વધારે રસ પશ્ચિમ બંગાળમાં છે કેમ કે બંગાળમાં મમતા બેનરજીને પછાડવા ભાજપે પૂરી તાકાત લગાવી દીધી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તો બંગાળમાં ધામા જ નાંખી દીધા છે અને એકદમ આક્રમક પ્રચાર કર્યો છે.

બંગાળ પછી આસામમાં શું થાય છે તેમાં લોકોને રસ છે કેમ કે આસામમાં ભાજપ અને કોંગ્રેસની સીધી ટક્કર છે. તમિલનાડુમાં ભાજપ એઆઈએડીએમકે સાથે જોડાણમાં છે તેથી મુખ્ય ખેલાડી નથી ને કેરળમાં તો ચિત્રમાં જ નથી. પુડુચેરી નાનકડું રાજ્ય છે તેથી કોઈનું તેના તરફ ધ્યાન નથી.

બંગાળમાં ભાજપે મમતાને હરાવવા માટે ૨૦૧૬ અને ૨૦૨૧માં પણ એડીચોટીનું જોર લગાવેલું પણ ફાવ્યા નહોતા. ભાજપે એ વખતે ઉગ્ર હિંદુત્વને મોટો મુદ્દો બનાવેલો અને મમતાની તૃણમૂલ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને તોડી તોડીને મમતાને નબળાં પાડવા ભરપૂર કોશિશ કરેલી પણ મમતા અલગ માટીનાં સાબિત થયેલાં. બંગાળીઓના સ્વાભિમાનની વાતો કરીને મમતા બંગાળીઓને પોતાની તરફ વાળવામાં સફળતા મેળવેલી.

ભાજપે આ વખતે વ્યૂહરચના બદલીને મહિલાઓને દર મહિને ચોક્કસ રકમ આપવાનું વચન આપ્યું છે. ભાજપની આ ફોર્મ્યુલા બિહાર, હરિયાણા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ સહિતનાં રાજ્યોમાં અક્સીર સાબિત થઈ છે તેથી બંગાળમાં આ ફોર્મ્યુલાના જોરે મમતાને પછાડી દેવાશે એવી ભાજપને આશા છે.

■■■

મમતા જેવાં લડાયક મહિલા નેતા ભારતના રાજકારણમાં બીજાં નથી થયાં.

મમતા મૂળ કોંગ્રેસી છે અને કોંગ્રેસનાં સૌથી સફળ બાગી છે. મમતાએ કોંગ્રેસ છોડીને બીજી કોઈ પાર્ટીમાં જવાના બદલે પોતાની પાર્ટી બનાવીને પોતાની તાકાત પર સત્તા હાંસલ કરીને જે વર્ચસ્વ ઉભું કર્યું એવું વર્ચસ્વ ભારતમાં બહુ ઓછા પુરૂષ નેતા પણ ઉભું કરી શક્યા છે.

ઈન્દિરા ગાંધીની હત્યા પછી વડાપ્રધાન બનેલા રાજીવ ગાંધીએ લોકસભાની ચૂંટણીમાં અનેક યુવાઓને ટિકિટ આપી હતી ને તેમાં એક મમતા બેનરજી હતાં. પશ્ચિમ બંગાળમાં એ વખતે ડાબેરી શાસન હતું ને સોમનાથ ચેટરજી દિગ્ગજ ડાબેરી નેતા હતા. ચેટરજી સામે રાજીવે ૨૯ વર્ષનાં મમતા બેનરજીને ઉતારીને મોટો જુગાર ખેલી નાંખેલો અને આ જુગાર ફળેલો. સોમનાથ ચેટરજીને ધૂળચાટતા કરીને મમતાએ રાજકારણમાં ધુરંધર સ્ટાઈલની જબરદસ્ત એન્ટ્રી કરી હતી.

મમતાને આ જીતે એક તરફ રાષ્ટ્રવ્યાપી પ્રસિધ્ધી અપાવી તો ડાબેરીઓ સાથેની જીવનભરની દુશ્મનાવટ પણ અપાવી કેમ કે મમતા ડાબેરીઓની ગુંડાગીરી સામે ગુંડાગીરી કરીને જીત્યાં હતાં.

રાજીવ ગાંધીના બોફોર્સ કૌભાંડના કારણે ૧૯૮૯ની ચૂંટણીમાં દેશમાં કોંગ્રેસ વિરોધી લહેર હતી તેથી મમતા હારી ગયેલાં પણ ૧૯૯૧માં કોલકાત્તા દક્ષિણ બેઠક પરથી જીતીને તેમણે જોરદાર કમબેક કર્યું. મમતા નરસિંહરાવ સરકારમાં માનવ સંશાધન, યુવા બાબતો અને રમતગમત તથા મહિલા અને બાળ વિકાસનાં રાજ્ય કક્ષાનાં પ્રધાન બન્યાં હતાં. ૧૯૯૩માં રમતગમતનું સ્તર સુધારવા માટે મૂકેલી દરખાસ્ત ના સ્વીકારતાં મમતાએ પોતાની જ સરકાર સામે કોલકાત્તાના પરેડ ગ્રાઉન્ડમાં રેલી કાઢી તેમાં પ્રધાનપદ ગુમાવવું પડેલું.

■■■

કેન્દ્રીય પ્રધાનપદ જતાં મમતા બંગાળમાં આવી ગયાં.

મમતાએ એલાન-એ-જંગ કરેલું કે, હવે પોતે બંગાળ પર ધ્યાન કેન્દ્રિત કરશે. બંગાળમાંથી ડાબેરીઓની સફાઈ જ તેમનું લક્ષ્ય છે. મમતાએ બંગાળમાં જઈને ડાબેરીઓ સામે મોરચો માંડ્યો તેમાં કોંગ્રેસમાં ખાઈ બદેલા નેતાઓ સાથે પંગો થઈ ગયો. અકળાયેલાં મમતાએ સિધ્ધાર્થ શંકર રે, અબ્દુલ ગનીખાન ચૌધરી સહિતના કોંગ્રેસી નેતાઓને ડાબેરીઓના દલાલ ગણાવીને તેમની સામે પણ મોરચો માંડી દીધો. તેના કારણે મમતાને કોંગ્રેસમાંથી કાઢી મૂકવાનું કોરસ શરૂ થયું. મમતા પણ ગાંજ્યાં જાય તેમ નહોતાં. તેમણે કોલકાત્તામાં પાંચ લાખ લોકોની રેલી યોજીને કોંગ્રેસીઓ જ નહીં પણ ડાબેરીઓને પણ ચોંકાવી દીધેલા.


બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

મમતાની તાકાત ધીરે ધીરે વધવા માંડી તેમ તેમ કોંગ્રેસમાં તેમનો વિરોધ પણ વધવા માંડ્યો. ૧૯૯૬માં મમતાએ બંગાળમાં જૂના નેતાઓને બાજુ પર મૂકીને નવા નેતાઓને તક આપવાની તરફેણ કરી પણ હાઈકમાન્ડે તેમની વાત ના માની ને ડાબેરીઓ ફરી જીતી ગયા. અકળાયેલાં મમતાએ ૧૯૯૭માં કોંગ્રેસ છોડી દીધી અને તૃણણૂલ કોંગ્રેસની સ્થાપના કરી. એ વખતે મમતાના વિરોધીઓ એવી મતાદ કરતાં કે, કોંગ્રેસ છોડીને મમતાએ રાજકીય આપઘાત કરી લીધો છે.

મમતાએ વિચલિત થયા વિના જંગ ચાલુ રાખ્યો અને ડાબેરીઓને હરાવવા ૧૯૯૯માં ભાજપ સાથે હાથ મિલાવી લીધા. મમતા ૨૦૦૧માં અટલ બિહારી વાજપેયી સરકારમાં રેલવે પ્રધાન બન્યાં. ૨૦૦૧માં વાજપેયી સરકારે પેટ્રોલના ભાવ વધાર્યા ત્યારે તેમણે તેના વિરોધમાં રાજીનામું ધરી દઈ આ ભાવવધારો પાછો ખેંચવાની ફરજ પાડી હતી. ૨૦૦૧માં સંરક્ષણ સોદાઓમાં ભ્રષ્ટાચારનો ભાંડો ફોડતું તહેલકા કૌભાંડ બહાર આવ્યું ત્યારે જ્યોર્જ ફર્નાન્ડીઝ સહિતના ભ્રષ્ટાચારીઓને બહાર નહીં ખદેડવાના વિરોધમાં રાજીનામું ધરી દીધું હતું.

ભાજપને છોડીને મમતા કોંગ્રેસ સાથે જોડાયાં. પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ સાથે જોડાણ કર્યું પણ ભૂંડી હાર થતાં ૨૦૦૪માં ભાજપ સરકારમાં પાછાં આવ્યાં અને કોલસા તથા ખાણ મંત્રાલયનાં પ્રધાન બન્યાં. ૨૦૦૪ની લોકસભા ચૂંટણી મમતા ભાજપ સાથે જાડાણ કરીને લડેલાં પણ તૃણમૂલમાંથી માત્ર મમતા જ ચૂંટાયાં હતાં. ૨૦૦૫માં બંગાળની વિધાનસભાની ચૂંટણીમાં પણ એ જ હાલત થઈ ત્યારે મમતા પતી ગયાં એવું મનાતું હતું.

મમતાએ ખેડૂતોની જમીનો છિનવીને ઉદ્યોગોને આપવાની બંગાળની ડાબેરી સરકારની નિતી સામે મોરચો માંડીને આ ટીકાનો જવાબ આપ્યો. ઈન્ડોનેશિયાના સલીમ ગ્રુપને નંદીગ્રામમાં તથા તાતાને નેનો પ્રોજેક્ટ માટે સિંગુરમાં જમીન આપવા સામે લડત આપીને મમતા ફરી બેઠાં થયાં. ડાબેરીઓએ પોલીસ અને બેફામ ગુંડાગીરી કરીને મમતાને દબાવી દેવા કોશિશ કરી પણ મમતા મરદની જેમ લડ્યાં ને બંગાળમાં ડાબેરીઓને સાફ કરીને ઈતિહાસ રચી દીધો. ૨૦૧૧ની વિધાનસભા ચૂંટણીમાં ડાબેરીઓને ધોબીપછાડ આપીને તેમના ૩૫ વર્ષના શાસનનો અંત આણ્યો ત્યારથી બંગાળમાં મમતા સત્તામાં છે.

■■■

મમતા શીલાનો રેકોર્ડ તોડશે ?

ભારતમાં સૌથી સફળ મહિલા મુખ્યમંત્રીઓમાં પહેલું નામ શીલા દિક્ષીતનું લેવું પડે. શીલા દિક્ષીતે દિલ્હીમાં કોંગ્રેસને સળંગ ત્રણ વાર જીતાડીને ૧૫ વર્ષ રાજ કર્યું. શીલા દિક્ષીત ૧૫ વર્ષ અને ૨૫ દિવસના શાસન સાથે ભારતમાં સૌથી લાંબો સમય સત્તા પર રહેનારાં મહિલા મુખ્યમંત્રી છે. શીલા ઉપરાંત માત્ર મમતા બેનરજી જ સળંગ ત્રણ વાર ચૂંટણી જીતીને મુખ્યમંત્રી બન્યાં છે. અને હવે ચોથી ટર્મ માટે મુખ્યમંત્રી બનવા જંગ લડી રહ્યાં છે એ જોતાં શીલાનો રેકોર્ડ કદાચ મમતા બેનરજી તોડી શકે છે.

મમતા બેનરજીએ પણ શીલા દિક્ષીતની જેમ પશ્ચિમ બંગાળ પર સળંગ ત્રણ ટર્મ શાસન કર્યું છે પણ દિવસોની રીતે તેમના ૧૫ વર્ષ પૂરા થતા નથી. મમતાએ ૧૪ વર્ષ ને ૩૪૦ દિવસ લગી રાજ કર્યું છે તેથી ૧૫ વર્ષ પૂરાં કરવામાં ૨૫ દિવસ અને શીલા દિક્ષીતનો રેકોર્ડ તોડવામાં ૫૦ દિવસ ખૂટે છે. મમતા ફરી મુખ્યમંત્રી બને તો જ આ રેકોર્ડ તોડી શકે છે.

મમતા સિવાય શીલાનો રેકોર્ડ બીજું કોઈ તોડી શકે તેમ નથી કેમ કે બીજું કોઈ શીલાની નજીક જ નથી. વસુંધરા રાજે ત્રણ વર્ષ પહેલાં સુધી રેસમાં હતાં પણ હવે નથી. વસુંધરા બે વાર રાજસ્થાનનાં મુખ્યમંત્રી બન્યાં ને બે વાર પાંચ વર્ષની ટર્મ પૂરી કરીને કુલ ૧૦ વર્ષ ને ૯ દિવસ મુખ્યમંત્રી રહ્યાં. ભાજપે ૨૦૨૩માં વસુંધરાને સત્તા સોંપી હોત તો વસુંધરા શીલાનો રેકોર્ડ તોડી શક્યાં હોત પણ ભજનલાલ આવી ગયા તેમાં વસુંધરા હવે ચિત્રમાં નથી.

માયાવતી દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં ૪ વાર મુખ્યમત્રી બન્યાં અને કુલ ૭ વર્ષ ૫ દિવસ રાજ કર્યું પણ માયાવતી ફરી મુખ્યમંત્રી બને એવી શક્યતા નહિવત છે તેથી એ પણ ચિત્રમાં નથી. . જયલલિતા પણ ૫ વાર તમિલનાડુનાં મુખ્યમંત્રી બન્યાં અને કુલ ૧૪ વર્ષ ને ૧૨૪ દિવસ રાજ કર્યું પણ હવે જયલલિતા હયાત જ નથી. રાબડીદેવી પણ ૭ વર્ષ ને ૧૭૦ દિવસ મુખ્યમંત્રી રહ્યાં. રાબડી હજુ રાજકારણમાં છે પણ દીકરા તેજસ્વીને સુકાન સોંપીને ખસી ગયાં છે તેથી મમતા સિવાય કોઈ રેકોર્ડ તોડી શકે તેમ નથી. મમતા આ વખતે રેકોર્ડ તોડી ગયાં તો ઠીક, બાકી શીલાનો રેકોર્ડ ૧૫ વર્ષ લગી નહીં તૂટે તેમ કે અત્યારે લાંબી રેસનાં કોઈ મહિલા મુખ્યમંત્રી દેખાતાં નથી. ■ sanjogpurti@gmail.com

# બુબૂડાનાથનું ચૂંટણી જ્ઞાન

## જો સાથ મેં નહીં હૈ વો સામને હૈ



ચૂંટણીનો માહોલ જામ્યો હોય અને એમાંય જો વાત ભાવનગર જિલ્લાની હોય, તો પછી પૂછવું જ શું? ભાવનગર એટલે ગઠિયા, ગાંઠિયા અને હવે તો 'પક્ષ-પલટા'નો પણ અડ્ડો! અહીં પવનની દિશા બદલાય કે ન બદલાય, પણ નેતાઓના ખેસના રંગ જરૂર બદલાઈ જાય છે. આ ગરમાગરમ માહોલમાં મને એક પ્રશ્ન થયો કે આ રાજકારણ છે શું? એટલે હું સીધો પહોંચી ગયો આપણા પરમ પૂજ્ય, હાસ્ય સમ્રાટ અને કટાક્ષના કુળગુરુ એવા સંત બબુડા નાથ પાસે.

બબુડા નાથ અત્યારે લીંબડા નીચે ખાટલો ઢાળીને બેઠા હતા અને હાથમાં 'ઈલેક્શન મેનિફેસ્ટો' વાંચીને મોઢામાં મમરા ફાકતા હતા.

મેં જઈને પ્રણામ કર્યા અને પૂછ્યું, "બાપુ, આ રાજકારણમાં રાતોરાત બધું બદલાઈ કેમ જાય છે? હજી ગઈકાલ સુધી જે માણસ કોંગ્રેસ માટે લોહી રેડવાની વાતો કરતો હતો, આજે એ ભાજપના સ્ટેજ પર બેસીને ફુલહાર પહેરે છે!"

બબુડા નાથ એક મમરો હવામાં ઉછાળી મોઢામાં ઝીલીને બોલ્યા, "બેટા, આને 'પવિત્ર પક્ષીકરણ' કહેવાય. ભાવનગરમાં અત્યારે એવા ચમત્કારો બની રહ્યા છે કે વિજ્ઞાન પણ હાથ હેઠા મૂકી દે. જો સાંભળ, હજી ગઈકાલ સુધી મારો એક પરમ મિત્ર કોંગ્રેસનો ભવ્ય વિજય થાય એના માટે ૯.૮ની તીવ્રતાથી વાતો કરતો હતો. મેં ગદગદ થઈને એને શુભેચ્છા આપી કે, "ભાઈ, તારી પાર્ટી જીતે એવા આશીર્વાદ!' તો ભાઈને ૧૦.૨૦ની તીવ્રતાનું ખોટું લાગી ગયું! મને કે, 'યાર, તું તો સાવ આઉટડેટેડ છો, હું તો હવે ભાજપમાં ભળી ગયો છું!' મારે તાત્કાલિક મારી શુભેચ્છાઓ પાછી ખેંચવી પડી. મને ડર લાગ્યો કે ક્યાંક એ મારી શુભેચ્છાઓ પર જીએસટી ન લગાડી દે!"

મેં હસતા હસતા પૂછ્યું, "પણ બાપુ, આટલી જલ્દી હૃદય પરિવર્તન?"

બબુડા નાથ ખડખડાટ હસી પડ્યા, "હૃદય પરિવર્તન નહીં બેટા, આ તો "હવા પરિવર્તન' છે! ભાજપ મોટો પક્ષ છે, એટલે ત્યાં શિસ્તના નામે કોઈ ભાવ ન પૂછે. મારા પેલા મિત્રએ ભાજપમાં જઈને મને ખાનગીમાં કહ્યું, 'બાપુ, ભાજપમાં તો ઓફિસે જઈએ તો કોઈ ગણતું નો"તું. અહીં તો ભીડ એટલી છે કે આપણી હાજરીની નોંધ લેવા માટે પણ લાઈનમાં ઊભા રહેવું પડે! એના કરતાં કોંગ્રેસમાં મજા છે. ત્યાં તો વગર મેન્ડેટે ઉમેદવાર બની જઈએ તોય કોઈ કાંઈ બોલે નહીં! ત્યાં લોકશાહી એટલી બધી છે કે એક જ સીટ પર ચાર જણા પોતાની મેળે ફોર્મ ભરી આવે અને પછી રસ્તામાં મળે ત્યારે એકબીજાને પૂછે - 'કેમ, તું પણ ઊભો રહ્યો છે?"

મેં પૂછ્યું, "બાપુ, આ ચૂંટણીના દિવસોમાં નેતાઓ અચાનક અદ્રશ્ય કેમ થઈ જાય છે? ફોન કરીએ તો કહે કે "કામમાં છું."

બબુડા નાથે ચલમ (ખાલી હોવા છતાં) ફૂંકતા હોય એમ ડોકું હલાવ્યું, "એ જ તો મિસ્ટ્રી છે! ચૂંટણી એવો જંગ છે જ્યાં અંતિમ તબક્કામાં દર કલાકે ચિત્ર બદલાય. ભાવનગરના રાજકારણમાં કોઈ કાયમી શત્રુ નથી કે કોઈ કાયમી મિત્ર નથી. આપણે મૂરતિયા બનીએ એટલે ઉમેદવારી નોંધાવીએ, પણ જેવી ચૂંટણી નજીક આવે એટલે ચિત્ર ધૂંધળું થઈ જાય. આપણને લાગે કે આપણું લશ્કર લડી રહ્યું છે, પણ ખબર પડે કે લશ્કર તો સામી પાર્ટીના બફેમાં જમવા ગયું છે!"

તેમણે આગળ ઉમેર્યું, "તારા ખાસ માણસો અચાનક દેખાતા બંધ થઈ જાય. તું ફોન કરે તો પેલો કહે, 'હમણાં બહુ જ કામમાં છું.' ખરેખર એ કયા કામમાં હોય ખબર છે? એ સામેવાળાના ભાવ તાળતો હોય! પણ આ દિવસોમાં તું એને ઘઘલાવી ન શકે. કેમ કે હાર-જીતનો ફેંસલો એક મતે થતો હોય અને તારી ડિપોઝિટ ડૂલ થવાની તૈયારી હોય, ત્યારે તું પેલા 'કામમાં રહેલા' ગઠિયાને પણ વિનંતી કરે કે 'ભાઈ, તારો એક મત કિંમતી છે.' આ તો કરકસરનો ખેલ છે બેટા!'

મેં પૂછ્યું, "બાપુ, પણ આમાં સાચું કોણ અને ખોટું કોણ એ ઓળખવું કેવી રીતે?"

બબુડા નાથે પોતાની આંખો ઝીણી કરી અને કટાક્ષની ધાર તેજ કરતા કહ્યું, "જેને તું ઓળખતો નથી, એ તારો 'ખાસ મિત્ર' બનીને ફૂટી નીકળશે. જે તારા ઘરે ક્યારેય લોટો પાણી પીવા નથી આવ્યો, એ તારા ગળામાં હાથ નાખીને કહેશે કે 'આ વખતે તો આપણે જ જીતવાના છીએ!' પણ સાવધ રહેજે, મિત્રના રૂપમાં જ દુશ્મન તારી બાજુમાં બેઠો હોય અને દુશ્મનના રૂપમાં દૂર રહેલો માણસ કદાચ તારો સાચો હિતેચ્છુ હોય. રાજકારણ એ કન્ફ્યુઝનનો કરંડિયો છે, જેમાં સાપ નીકળશે કે નેળિયો એ તો મતપેટી ખુલે ત્યારે જ ખબર પડે."

મેં હસતા હસતા કહ્યું, "તો પછી આ બધા લોકો જે જાહેરમાં ટેકો જાહેર કરે છે એનું શું?"

બબુડા નાથે ખાટલા પરથી બેઠા થઈને છેલ્લું સૂત્ર આપ્યું, "બેટા, રાજકારણનો સુવર્ણ નિયમ યાદ રાખજે - 'જો સાથ મેં નહીં હૈ, વો સામને હૈ.' જે લોકો જાહેરમાં તારી સાથે ચાલ્યા છે, એમને ખાનગીમાં પણ તારી સાથે ચાલવું જ પડે. કેમ? કારણ કે હવે આ એમના માટે આબરૂનો સવાલ બની ગયો છે! જો તું હારે, તો લોકો એમને પૂછશે - 'તમે તો એની સાથે રિક્ષામાં ફરતા હતા ને, તો કેમ હારી ગયો?' એટલે પોતાની આબરૂ બચાવવા માટે પણ એમને તારા માટે ખોટા-સાચા વલખાં મારવા પડે. ટૂંકમાં, આ આખો ખેલ આબરૂ બચાવવાનો છે, દેશ બચાવવાનો તો પછી ક્યારેક જોઈ લઈશું!" બબુડા નાથની વાતો સાંભળીને મને સમજાયું કે ભાવનગરના આ ચૂંટણી જંગમાં નેતાઓનો પક્ષ ગમે તે હોય, પણ જનતા માટે તો આ 'ફ્રી મનોરંજન'નો શો છે. જે જાહેરમાં જીંદાબાદ પોકારે છે, એ જ ખાનગીમાં 'વહીવટ'ની રાહ જોવે છે. આખરે, આ બધું 'ધીસ ઈઝ ધેટ' જેવું જ છે - દેખાય છે કંઈક, હોય છે કંઈક અને નીકળે છે સાવ અલગ જ! મેં બબુડા નાથના પગે લાગીને રજા લીધી, ત્યારે પાછળથી અવાજ આવ્યો, "બેટા, જતાં જતાં ભાવનગરના ગાંઠિયા લેતો જજે, કારણ કે નેતાઓના વચનો કરતા ગાંઠિયા વધારે કરકરા અને સાચા હોય છે!" ■ naranbaraiya277@gmail.com

# એકતા અને સહકારનો સમન્વય



માનવજીવનમાં અનેક તાણાવાળા હોય છે. એવા સમયમાં એકતા પાયાનો એકમ છે.તેમાં સહકારનો પ્રાણવાયુ ઉમેરાય તો પાયો મજબૂત બને છે.સહકારી ક્ષેત્રનું એક સુવાક્ય ગુજરાતની તમામ ડેરીઓમાં જોવા મળે છે "વિના સહકાર નહિ ઉધ્ધાર" આ બાબત ડેરી ઉદ્યોગની મજબૂત બનાવવાનો દિવ્ય સંદેશ આપે છે.પોલસન ડેરીમાંથી સહકારી ક્ષેત્રે અમુલ ડેરીનો જન્મ થવો તે માટે સ્વ. ત્રિભુવનદાસ પટેલ અને સરદાર પટેલની દીર્ઘદ્રષ્ટિનું પરિણામ રહ્યું છે.આજે આપણે રોજબરોજ જાહેરાતમાં જોઈએ છીએ કે પુરા વિશ્વ અમુલ દૂધ પીતા હૈ, આ વાક્ય સાંભળીને કેટલા આનંદિત થઈએ છીએ? સહકારી ક્ષેત્રમાં રાજકીય પગ પેસરો થવાથી કાવાદાવા અને ગંદકી નિર્માણ થઈ છે. પશુપાલકોના સંવર્ધન થકી આવક અને નફો થાય છે તે તેમનો જ છે તે હેતુથી ચાલતી વ્યવસ્થામાં ભ્રષ્ટાચારીઓના ભોરિંગોએ લક્ષ્મી કમાવવાનો માર્ગ બનાવી દીધો છે. અનીતિનું ધન નાશવંત છે.


સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

પદ્મશ્રી સુરેશભાઈ સોનીનું ગઈકાલે દેહાંત થઈ ગયું.એક પ્રોફેસર બધું છોડીને અરવલ્લીની ગીરીમાળામાં રાજેન્દ્રનગર ખાતે "સહયોગ કૃષ્ઠરોગ સંસ્થા" નિર્માણ કરીને હજાર જેટલા લોકોને પોતાનો પરિવાર બનાવી સેવા, સંસ્કાર થકી સહયોગને વટ વૃક્ષ બનાવીને ૮૨ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયા આવા લોકોના ઈતિહાસ સમર્પણ, ત્યાગ અને લોકસેવાનો વારસો બની જાય છે.

આજે ભૌતિક વિકાસ માટે પર્યાવરણનું નિકંદન કાઢીને સુવિધાઓ નિર્માણ કરી રહ્યા છે. પરંતુ પ્રકૃતિ હંમેશા માનવ જીવન માટે પ્રેરણાનું સ્ત્રોત રહી છે.તાજેતરમાં જોવા મળેલા એક વૃક્ષના દશ્યે લોકોમાં એક અનોખો સંદેશ પહોંચાડ્યો છે.આ વૃક્ષ પોતાના મજબૂત મૂળિયાઓ દ્વારા અનેક પથ્થરોને પોતાની સાથે જોડી રાખે છે, જે એકતા અને સહકારનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.આજે તો વૃક્ષો કાપો અને લક્ષ્મી પેદા કરો તેવા ભોગ વિલાસમાં લોકો જીવી રહ્યા.પર્યાવરણનું ક્યારે પણ વિચારતા નથી.પ્રકૃતિના સથવારે જીવવું હોય તો તેને સાચવી પડશે નહીં તો હજુ સૂર્યદેવ વધુ કોપાયમાન થશે. અતિશય હિટવેવ થશે. અતિશય ગરમી, ઠંડી અને વરસાદમાં અનિયમિતતા અને ઋતુગત નુકસાન સાથે પર્યાવરણીય અતિક્રમણ થશે.વિક્રમચરિત નામના ગ્રંથમાં વૃક્ષને સંત પુરુષની ઉપમા આપવામાં આવી છે. "વૃક્ષો લાવો પર્યાવરણ બચાવો" આ બાબત એકતા અને સહકાર માટે અનિવાર્ય છે. એક વૃક્ષ અનેક પક્ષીઓને ઘર પૂરું પાડે છે, એક વૃક્ષ નિસ્વાર્થ ભાવે પોતાના ફળ આપે છે. શુધ્ધ ઓક્સિજન આપે છે ત્યારે તેને બચાવવા માટે ચિપકો આંદોલન સિવાય બીજો કોઈ માર્ગ નથી.

જીવનમાં જો આપણે નબળા અને નાના લોકોને સાથે રાખીએ, તો તેઓનું મનોબળ મજબૂત બને છે. આજે તો લક્ષ્મીપતિ અને રોડપતિ એવા બે ફાટા પડી ગયા છે. પૈસાવાળો વર્ગ મોજ, શોખ અને ભોગવિલાસમાં જીવે છે. આજે માણસની ઓળખ લક્ષ્મીથી થાય છે. માણસાઈના દીવા બુઝાઈ ગયા છે.પગાર ધોરણમાં જેમ મેટ્રિક્સ હોય છે તેમ માણસોમાં પણ એવું જોવા મળે છે. તકલીફોમાં સહકાર આપો ને તે જ સાચો માણસ. બાકી લક્ષ્મી તો આજે છે ને કાલે નથી. એક દિવસ સ્મશાન ઘાટમાં રાખ થવાની છે. સેવા થકી એકતા અને સહકાર નિર્માણ કરવામાં આવશે તો જ માનવ જીવન સાર્થક બનશે.વૃક્ષ પોતાના મૂળિયાથી રૂપાળું છે તેમ સમાજમાં તમારે દિવ્ય ગતિમાન બનવું હોય તો સેવા એ જ એકતા અને સહકારનો માર્ગ છે. જેમ વૃક્ષ પોતાના મૂળિયાઓથી પથ્થરોને સંભાળી રાખે છે, તેમ સમાજમાં પણ એકબીજાને સહારો આપવાથી સૌના જીવનમાં સ્થિરતા અને સુખ સમૃદ્ધિ આવે છે.

વિશેષજ્ઞોના મતે,સમાજની સાચી શક્તિ એકતામાં છે. જો દરેક વ્યક્તિ અન્યને સાથે લઈ આગળ વધે, તો કોઈ પણ વ્યક્તિ એકલો કે નબળો અનુભવતો નથી. આ રીતે એકતા અને સહકારથી સમગ્ર સમાજ વિકાસ તરફ આગળ વધી શકે છે. સમાજના સ્ટેજ ઉપર મોટી મોટી વાતો કરવાથી ક્યારે એકતા નિર્માણ થતી નથી. સબળ કામ કરવા પડે તો જ પ્રજાનો પ્રેમ સંપાદન કરી શકાય.સ્વામી વિવેકાનંદનું વાક્ય દરેક લોકોએ યાદ રાખવાની જરૂર છે. જન સેવા એ જ પ્રભુ સેવા.. બાકી બીજુ બધું પોતાના માટે ભેગું કરવાની સેવા..

હાલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ છે. મતદાન કરવું તે આપણો બંધારણીય નૈતિક અધિકાર છે. પરંતુ આપણે જેને પસંદ કરીએ છીએ તે યોગ્ય છે? જે સમાજના લોકોને સેવાકીય લોકભાગીદારીથી એકતા અને સહકાર નિર્માણ કરી શકશે?આ બધી બાબતોની અવરનેસ લોકોમાં ઉભી થવી જોઈએ? મનુષ્યને વૃક્ષ સંદેશ આપે છે કે "સાથે રહીએ, સાથે વધીએ" તો લોકોએ સામૂહિક એકતા દર્શાવી સહકાર નિર્માણ કરવો એ આજના સમયને તાતી જરૂરિયાત છે. જય હો માનવ જીવનો..■ Mo.9825702282


# દાડમની વૈજ્ઞાનિક ખેતી અને તેના ઔષધીય ગુણો



દાડમ માં વધારે પ્રમાણમાં ઔષધિય ગુણો રહેલા છે. દાડમ ને સંસ્કૃતમાં દાડિમ, દન્તબીજક, હિન્દી માં અનાર અને અંગ્રેજીમાં **Pomegranate** કહેવામાં આવે છે.

ગુજરાતમાં ખેડા, વડોદરા, ધોળકા અને ભાવનગર તથા જામનગરના વિસ્તારોમાં દાડમ ખુબ થાય છે તથા મોરબી જિલ્લાના હળવદ ગામમાં દાડમના બગીચાઓ બનાવવામાં આવેલા છે તથા તે ઉપરાંત મહારાષ્ટ્રમાં પુના, સોલપુર, સતારા અને અહમદનગર જિલ્લાઓમાં તથા આપણા દેશમાં દાડમ હિમાલય જમ્મુ-કાશ્મીરના પ્રદેશો તથા સુલેમાની પહાડીઓ પર ખાસ થાય છે વિદેશોમાં અફઘાનિસ્તાન બલુચિસ્તાન મસ્કત અને કંદહારમાં ઉત્તમ જાતના દાડમ થાય છે, હાલના સમયમાં દાડમના બગીચાઓ કરી ખેડુત સારી એવી કમાણી કરતા થયા છે. આજના સમયમાં દાડમની સુધારેલી જાતો આવતા ગુજરાતના અમરેલી જીલ્લામાં પણ ખેડુત હવે દાડમના બગીચા કરવા પ્રેરાયો છે.

દાડમનો પાક આમ તો સામાન્ય હલકીથી થોડી છીછરી જમીનમાં થઈ શકે. પરંતુ વિશેષ સારૂ અને ગુણવતાયુકત ઉત્પાદન લેવા માટે મધ્યમ કાપી અને ગોરાડુ જમીન વધારે માફક આવે છે. દાડમની જાતોમાં ધોળકા, ગણેશ, મૃદલા, આરકતા, જયોતિ, રૂબી, લગવા વગેરે જાતો જાણીતી છે.



વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

દાડમની રોપણી માટે ગુટી કલમ કે કટકા કલમ કરીને જમીનને ખેડી કરબથી સમતલ કરવી. ત્યારબાદ ૫ મીટર × ૫ મીટરના અંતરે અથવા ધનિષ્ઠ ખેતી પધ્ધતિમાં વાવેતર માટે ૪ મીટર × ૨ મીટરના અંતે રોપણી કરવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે એક હેકટરમાં ૧૨૫૦ જેટલા છોડ આવે.

દાડમની રોપણી કર્યા બાદ વરસાદ ન હોય તો પાણી આપવું તથા ખામણાં કરવાં કેળવણી અને છાંટણી કરવો પડે. જાત મુજબ ખાતરો માપસર નાખવા પડે. ખામણાં પધ્ધીતથી પિયત કરવું પડે. આ પાકને નિંદણમુકત રાખવો હાથીસાંતી ચલાવી અથવા નિંદણનાશક દવાનો ઉપયોગ કરી નિંદણ નિયંત્રણ કરવું. આમ, માવજત કરવાથી દાડમના પાકમાં બારેમાસ વધતા ઓછા પ્રમાણમાં ફળ મળ્યા કરે છે.

દાડમના ઝાડ ૫ ફૂટથી ૨૦ ફૂટ સુધી ઊંચા અને બહુ ડાળીવાળા થાય છે. ક્યાંક થડની ગોળાઈ ૩ થી ૪ ફૂટની હોય છે. ઝાડની છાલ પાતળી, પીળી અને ઘેરી ભૂખરી હોય છે. પાન જરા લાંબા, અણીદાર, આગળથી જરા ગોળ અને ડાળખી પણ સામસામે હોય છે. પાનખર પછી નવા પાન મહા- ફાગણમાં આવે છે. પુષ્પ પ્રાય દરેક ઋતુમાં હોય છે, પણ ચૈત્ર વૈશાખમાં ખાસ વધુ થાય છે. ફુલની બહાર ઉપર ૫ થી ૭ પાંખડીઓ હોય છે અને ફૂલ નળાકાર હોય છે. ફળ આસો ભાદરવામાં પાકે છે. દેશ-વિદેશોમાં અલગ અલગ સમયે તે પાકે છે. ફળમાં અનેક સંખ્યામાં ચળકતા, રસદાર દાણા હોય છે. જેની વચ્ચે સફેદ સૂક્ષ્મ બી હોય છે. દાણા સ્વાદે મધુર , ખાટા કે ખટમધુર અને રંગે સફેદ, ગુલાબી કે ખૂબ લાલ હોય છે. રંગ, સ્વાદ અને દેશ મુજબ તેની અનેક જાતો છે. આયુર્વેદની અનેક દવાઓ દાડમમાંથી બને છે. તે ઉત્તમ ફળ સાથે ઉત્તમ ઔષધી પણ છે. ઝાડના મૂળની છાલમાં ગ્રાહી (સંકોચક) ગુણ સર્વાધિક હોય છે. દાડમના ઔષધીય ગુણો :મીઠા દાડમ જે છે તે ત્રિદોષનાશક, તૃપ્તિ કારક, વીર્યવર્ધક, હળવા જરા તૂરા-મધૂર, મળાવરોધક, સ્નિગ્ધ,મેઘા જનક, બળવર્ધક, ઝાડો બાંધનાર, ભૂખ-રૂચિવર્ધક, પિતશામક અને દાહ, તાવ, હદયરોગ, મુખ દુર્ગંધી, કંઠરોગ, કૃમિ, ઊલટી અને મુખરોગ નાશક છે. જ્યારે ખાટા દાડમ લૂખા , રક્તપિત્તકારક, પિતકર્તા અને વાત-કફનાશક છે અને ખટમીઠાં દાડમઃ રુચિકર્તા, ભૂખવર્ધક, વાત-પિત્તનાશક, હળવાં, લૂ અને ઝાડા તૃષાનાશક છે. ફળની છાલ કૃમિ તથા ખાંસી નાશક, મળાવરોધ તથા લોહીના ઝાડા મટાડનાર છે

દાડમ દર્દીની વધુ પથ્ય છે. દાડમનો રસ સ્વરયંત્ર, યકૃત, હૃદય, હોજરી, ફેફસા અને આંતરડાંનાં દર્દોમાં ખાસ હિતકર છે. દાડમ ખાવાથી શરીરમાં ખાસ ચેતના, સ્ફુર્તિ આવે છે. તે બારેમાસ મળે છે. ઉપયોગી અંગઃ ફળની છાલ, ઝાડની છાલ, પાન, મૂળ, ફુલ, ફળનો રસ, તમામ પંચાંગ વપરાય છે

hemangidmehta@gmail.com

| પોષક્તત્વો દર ૧૦૦ ગ્રામ મુજબ | |
|---|---|
| કેલરી | ૮૩ કેસીએએલ |
| પ્રોટીન | ૧.૬૭ ગ્રામ |
| ચરબી | ૧.૧૭ ગ્રામ |
| કેલ્શિયમ | ૧૦ મી.લી. ગ્રામ |
| મેગ્નેશિયમ | ૧૨ મી.લી. ગ્રામ |
| ફોસ્ફરસ | ૩૬ મી.લી. ગ્રામ |
| પોટેશિયમ | ૨૩૬ મી.લી. ગ્રામ |
| સોડિયમ | ૩ મી.લી. ગ્રામ |
| વિટમિન સી | ૧૦.૨ મી.લી. ગ્રામ |

# ભલે ગરીબને રોટલાંનો ટૂંકડો અને છાસ મળે. પણ..



"ભાઈ! કાંઈક વધેલું, પડેલું ખાવાનું હોય તો આપજો ને!! બે દિવસથી ભૂખ્યો છું. તમારી મોટી મહેરબાની થાહે. ભગવાન તમારું હારું કરશે, અને તમારું અભરે ભરાહે." બોસ અને અમથાલાલને થયું કે 'આપણે ન્યા માંગણ કે ભીખારી જલ્દી આવતો નથી. અને આમ અચાનક કોઈ ભીખારી કેમ આવી ચડયો? "અત્યારે તો ઠેક ઠકાણે ચૂંટણીનાં માંડવા તાણેલા છે. ઠેક -ઠકાણે ગાંઠિયા અને ભજીયાના પ્રોગ્રામ હાલે છે. છતાંય આ ભીખારી બે દિવસથી ભૂખ્યો છે? કારણ??' અમથાલાલને લાગ્યું કે "અવાજ કદાચ જાણીતો હોય એવું મારું અનુમાન છે."ત્યાં બનેવીલાલ આવી પુગ્યા. "તમારી વાત હાચી છે, અમથાલાલ. ધાર કાઢીને બોલે છે. ઈ અવાજ છે જાણીતો. પણ..પણ..! કોણ હોઈ શકે?" અવાજ મોટો થયો. માણસ ઓરો આવ્યો.. "લે..લે.. એ..! આતો આપણો બેરાલાલ!! બેરાલાલ ? આવી દશા કેમ થઈ? ઘરવાળી ગામતરે ગયાં છે? કે પછી..." "આખું ગામ જાણે છે. ગામતો શું આખો દેશ જાણે છે. અને તમને ખબર નથી?" "તું વાત કરે તો ખબર પડે ને !! અમે થોડાં જ અમેરિકાના માથાં ફરેલાં રાષ્ટ્રપતિ છીએ!! કે આખાં જગતની ખબર રાખે. અને ચંચુપાત પણ કરે. અને નકુચામા આંગળી આવી જાય ત્યારે ત્રણ બદામના પાગીયાની હોડમાં ઘરે. પણ? તારી આવી હાલત કરી કોણે? થઈ કેમ??" "મોદી સરકારે. બીજું કોણ હોય!?" "બેરાલાલ હાંભળવાની તકલીફ વધી તો નથી ગઈને? મશીન બશીન બરાબર કામ કરે છે ને??" "હા ભાઈ હા! બધું જ બરાબર છે." "તો પછી આવી હાલત??" "કીધું તો ખરું!! મોદી સરકાર." "જરાં માંડીને વાત કરશો બેરાલાલ?" "મહિલા અનામત સંશોધન બીલ. બચાડાને જાજો અનુભવ નહીં. અને ઉતાવળે આ બીલ લોકસભામાં રજૂ કર્યું. અને સરવાળે મોદી સરકાર હારી ગઈ. સરકાર બન્યા પછી આ પહેલી હાર થઈ. કુંવારો છોકરો, છોકરી જોવામાં ભેડવાઈ જાય, એમ ભેડવાઈ ગયાં."



લાગે તો તીર..

કાળુભાઇ ભાડ

"પણ બેરાલાલ તમારે અને આ બીલને શું લાગે વળગે? તમે ક્યાં રાજકારણમાં છો?? અને જો આવું જ હાલ્યું તો આ હારવાની શરૂઆત છે. ઓલ્યા મહારાષ્ટ્રમાં હું બન્યું તું ઈ યાદ છે? " "એજ તો વાંધો છે ને!! આપણને મતદારોને જાજુ યાદ જ રહેતું નથી. આપણે ખાવાં પીવા એક તો ઘર હોય. એની ઘોડે ઠેક -ઠકાણે ઘર તો નો હોય!!" "હા પણ, ધાર કાઢીને થયું શું? એ તો કહો."

બનેવીલાલે મૂળ મુદ્દો કહ્યો. "ઘરવાળીએ ઘરમાંથી કાઢી મૂક્યો."

"કારણ?"

"એમણે કહ્યું, તમે પુરુષ જાત બધાં એક હરખા છો. અમારી ૩૩ ટકા અનામત નો થાવા દીધી. અમે ગાંધીનગર , દિલ્હી જાઈ એમાં તમને વાંધો શું હતો!? હવે રખડો ચોરનાં માથાંની જેમ."

"અરે...! બેરાલાલ, તારે ધાર કાઢીને કહેવાય ને કે, ઘરમાં તો તમારું હાલે છે. બહાર તો ક્યારેક અમારું હાલવા દો !!"

"તમે શું માનો છો? મેં નહીં કીધું હોય!? પણ, અસર કોને થાય? આપણી સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા અનામત જોઈને એમને મોટી ચૂંટણીમાં ૩૩ ટકાના ગલગલિયાં થયાં હશે. એને ધારાસભા અને સંસદસભાના સપના આવતાં હશે.એટલે જ મારી એ દલીલના આ હાલ તમે જોયાં? બે દિવસથી પેટમાં કાંઈ નાંખ્યું નથી."

"અરે.. બેરાલાલ ! અત્યારે ઠેક- ઠેકાણે ગાંઠિયા અને ભજીયાના તાવડા મંડાઈ ગયાં છે. ગમે ત્યાં નાસ્તો કરી લેવાય ને !!"

"બનેવીલાલ! ચૂંટણી હારું તો હા થયું છે. વળી ચૂંટણી વાળાનુ પેટમાં પધરાવું !??

તો તો મને હરગમા તો ઠીક નરકમા 'ય જગ્યા નો મળે.

ભલે ગરીબનો રોટલાંનો ટૂંકડો અને છાસ મળે. પણ.."

"તમારી વાત હાચી છે, બેરાલાલ ધાર કાઢીને. પણ, મને એક વાત નો હમજાણી."

"પોણી રા 'માણ પુરી થઈ ગઈ, તોય સીતા નો હમજાણી!?"

"બેરાલાલ ઈ સીતા હતી. અને આ શ્વેતા છે. ફરક તો આવે ને!! પણ આ હંધીય બાયુને ચૂંટણી લડીને જાવું છે ક્યાં?"

"હવે ઈ તો ખબર નથી. પણ હંધીય બાયુને ચૂંટણી લડવી છે. ઈ વાત પાક્કી છે."

"ઘરે આપણી હામે લડતાં લડતાં ચૂંટણી ભલે લડે. પણ એને ચૂંટણીનો 'ચ 'ખબર છે? નિશાનનો 'ન' ખબર છે? પક્ષનો 'પ' ખબર છે?? (કોક કોકને )મત દેવાની ખબર પડતી નથી. ને, ઉમેદવાર બની ગયાં છે.

હવે આવી બાબતોમાં આપણે તો કાચા પાકાં કેવા'ય. પણ ઓલ્યા ટી.વી.વાળા વેલણ જેવાં ઠુંઠા લયને નથી નીકળતાં /તા!? ઈ તો તૈયાર હોય ને!!? એક જગ્યાએ એક સ્ત્રી ઉમેદવારને એમણે પ્રશ્ન પુછ્યો.

"બેન તમે ક્યાં પક્ષમાંથી ઊભાં છો?"

જવાબમાં ચૂંદડીનો છેડો હાથમાં અને માત્ર ખંધુ હાસ્ય.

"બેન તમારું નિશાન શું છે?"

હાસ્ય.. હાસ્ય..!

"બેન તમારી સીટનુ નામ શું છે??"

ડોલતાં ડોલતાં,હાસ્ય.. હાસ્ય.. હાસ્ય..!!

"તો પછી, આવી બાયુ ચૂંટણીમાં જીતીને કરશે હું? "

"ઈ તો એનો હગો જાણે. પક્ષ જાણે, અને વધ્યું ઘટ્યું મોદી સરકાર જાણે. પણ તમે મહારાષ્ટ્રનું ધાર કાઢીને શું કહેતાં હતાં?"

"ભરોસાની ભેંહ પાડો જણે. નાંદેડ નગર પાલિકામાં એક બાહુબલીએ એમનાં પરિવારને છ ટિકિટ આપી દીધી. પોતે, પત્ની ગોદાવરી. ભાઈ સચિન,ભાભી સુપ્રિયા. સાળો યુવરાજ અને ભત્રીજાની પત્ની રીના.

હા.જ.પ.મા પરિવાર વાદ નથી. છતાંય આવું હકાવી લેવું પડે છે."

"એટલે તમારું કે'વાનું એમ છે કે, આ પડતીની નિશાની છે?"

"હવે ઈ તો મતદારો જ નક્કી કરશે. પણ , કુટુંબ, પરિવાર અને સમાજની પડતીની નિશાની ચોક્કસ છે. ભાઈ હામે ભાઈ, દેરાણી હામે જેઠાણી, સાસુ હામે વહું, વહું હામે વડ સાસુ."

"હા પણ ,આ હંધાય ચૂંટાયને જાહે ક્યાં!?"

"ફોટા માયલા ખટારામા ચડી જાહે."

kalubhaibhad123@gmail.com

# દરેક દેશ આ રીતે ઉજવે છે..મધર્સ-ડે



(૦૧) અલ્બેનિયા : અલ્બેનિયામાં, ઘણાં બાલ્કન અને પૂર્વી યુરોપિયન દેશોની માફક, ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સાથે મધર્સ ડે ઉજવાય છે .

(૦૨) આરબ વિશ્વ : મોટાભાગના આરબ દેશોમાં ૨૧ માર્ચે મધર્સ ડે ઉજવાય છે. સૌપ્રથમ ૧૯૫૬માં ઉજવાયો હતો. ત્યારથી આ પ્રથા આરબ દેશોમાં ચાલી આવી છે.

(૦૩) આર્જેન્ટિના : આર્જેન્ટિનામાં , ઓક્ટોબરનો ત્રીજો રવિવાર મધર્સ ડે તરીકે ઉજવાય છે. જે ૧૧ ઓક્ટોબરે ઉજવાતો હતો, જે બ્લેસિડ વર્જિન મેરીના માતૃત્વની ઉજવણીની જૂની ધાર્મિક તારીખ હતી, પરંતુ બીજી વેટિકન કાઉન્સિલ પછી, વર્જિન મેરીનો ઉત્સવ ૧ જાન્યુઆરીએ ખસેડ્યો, લોકપ્રિય પરંપરાને કારણે ઓક્ટોબરના ત્રીજા રવિવારે મધર્સ ડે ઉજવવાનું શરૂ થયું. આર્જેન્ટિના વિશ્વનો એકમાત્ર દેશ છે જે આ તારીખે મધર્સ ડે ઉજવે છે.

(૦૪) આર્મેનિયા : આર્મેનિયામાં , ૮ માર્ચે મધર્સ ડે અને ૭ એપ્રિલે માતૃત્વ અને સુંદરતા દિવસ તરીકે ઉજવાય છે.

(૦૫) ઓસ્ટ્રેલિયા : ઓસ્ટ્રેલિયામાં, મે મહિનાનો બીજો રવિવારે મધર્સ ડે તરીકે ઉજવાય છે. ઓસ્ટ્રેલિયાએ પહેલી વાર ૧૯૧૦માં ખાસ ચર્ચ સેવા સાથે મધર્સ ડે ઉજવ્યો હતો. ૧૯૨૦ના દાયકા સુધી લોકપ્રિય રીતે ઉજવાયો નહોતો કારણ કે ઓસ્ટ્રેલિયામાં મધર્સ ડે પાનખરમાં ઉજવાય છે.

(૦૬) બાંગ્લાદેશ : બાંગ્લાદેશમાં મધર્સ-ડે ઉજવવાની કોઈ ઐતિહાસિક પરંપરા નથી, પણ પશ્ચિમી પ્રભાવને કારણે લોકપ્રિય બન્યો છે. મે મહિનાના બીજા રવિવારે ઉજવાય છે. લોકો પોતાની માતા માટે પ્રાર્થના કરે છે. ઢાકા, ચિત્તાગોંગ, ખુલના, સિલહટ, બારીશાલ, નારાયણગંજ, બોગુરા જેવાં શહેરોમાંથી લોકો ઉજવણી કરવા રેસ્ટોરન્ટમાં જાય છે. ઘણાં લોકો ઘરે કેક કાપે છે જ્યારે કેટલાંક બાળકો માતાને નાની ભેટ આપે છે.

(૦૭) બેલારુસ : બેલારુસ ૧૪ ઓક્ટોબરે માતૃદિન ઉજવે છે.

(૦૮) ભૂતાન : ભૂતાનમાં માતૃદિન ૮મેએ ઉજવાય છે. જેની ઉજવણી ભૂતાનમાં ટૂરિઝમ કાઉન્સિલ ઓફ ભૂતાન દ્વારા કરાય છે.

(૦૯) બેલ્જિયમ : બેલ્જિયમમાં , મધર્સ ડે મે મહિનાના બીજા રવિવારે ઉજવાય છે. રજા પહેલાંના અઠવાડિયામાં બાળકો શાળામાં નાની-નાની ભેટ બનાવે છે, જે મધર્સ ડેની વહેલી સવારે પોતાની માતાને આપે છે. ઘણાં લોકો ૧૫ ઓગસ્ટે મધર્સ ડે ઉજવે છે.

(૧૦) બોલિવિયા : બોલિવિયામાં ૨૭ મેએ મધર્સ ડે ઉજવાય છે.

(૧૧) બ્રાઝિલ : બ્રાઝિલમાં મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે ઉજવાય છે. અહીં પ્રથમ મધર્સ ડે ૧૨ મે ૧૯૧૮ના રોજ એસોસિએકાઓ ક્રિસ્ટા ડી મોકોસ ડી પોર્ટો એલેગ્રેએ પ્રમોટ કર્યો હતો. ૧૯૩૨માં, તત્કાલીન રાષ્ટ્રપતિ ગેટુલિયો વર્ગાસે મે મહિનાના બીજા રવિવારને મધર્સ ડે માટે સત્તાવાર દિવસ નક્કી કર્યો.

(૧૨) કેનેડા : કેનેડામાં મધર્સ ડે મે મહિનાના બીજા રવિવારે ઉજવાય છે. જેની ઉજવણીમાં માતા, દાદી કે પરિવારની મહિલાને ભેટ અપાય છે. ઉજવણીની પ્રથા અન્ય પશ્ચિમી રાષ્ટ્રો જેવી છે. ક્વિબેકોઈસ પરંપરામાં ક્વિબેકોઈસ પુરુષો સ્ત્રીઓને ગુલાબ કે કોઈ ફૂલો અર્પણ કરે છે.

(૧૩) ચીન : ચીનમાં મધર્સ ડે વધુ ને વધુ લોકપ્રિય બની રહ્યો છે. કાર્નેશન્સ એ મધર્સ ડેની ખૂબ લોકપ્રિય ભેટ છે. ૧૯૯૭માં ગરીબ માતાને મદદ કરવા અને ચીનના પશ્ચિમી ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ માતાને યાદમાં કરાવવા મધર્સ ડે ઉજવાય છે.

(૧૪) કોસ્ટારિકા : કોસ્ટારિકામાં ૧૫ ઓગસ્ટે મધર્સ ડે ઉજવાય છે. ૧૯૨૭માં, હેરેડિયામાં નિકોલસ ઉલોઆ સ્કૂલમાં, ઈવાન્જેલીના સોલિસે વિદ્યાર્થીઓની માતાની ઉજવણી માટે એક કાર્યક્રમ કર્યો. ઈવાન્જેલીનાનો તર્ક હતો કે માતાઓને તેમના બાળકોની સફળતા માટે અભિનંદન આપવાં જોઈએ. આ કાર્યક્રમ રાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બન્યો અને ૧૯૩૨માં તેને કાયદામાં રૂપાંતરિત કર્યો.

(૧૫) ચેક રિપબ્લિક : ચેક રિપબ્લિકમાં , મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે ઉજવાય છે. જેની શરૂઆત ભૂતપૂર્વ ચેકોસ્લોવાકિયામાં ૧૯૨૩માં થઈ હતી. આ ઉજવણીના પ્રમોટર એલિસ માસારિકોવા હતાં. બીજા વિશ્વયુધ્ધ પછી સામ્યવાદીઓએ મધર્સ ડેને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસમાં બદલી નાખ્યો, જે ૮ માર્ચે ઉજવાતો હતો. ભૂતપૂર્વ ચેકોસ્લોવાકિયા ૧૯૮૯માં વેલ્વેટ ક્રાંતિ સુધી મહિલા દિવસ ઉજવતો હતો. ૧૯૯૩માં દેશના વિભાજન પછી, ચેક રિપબ્લિકે ફરીથી મધર્સ ડે ઉજવવાનું શરૂ કર્યું.

(૧૬) ઈજિપ્ત : ઈજિપ્તમાં ૨૧ માર્ચે મધર્સ ડે ઉજવાય છે, જે ઉત્તર ગોળાર્ધમાં વસંતનો પહેલો દિવસ છે. ઈજિપ્તમાં પત્રકાર મુસ્તફા અમીને તેમના પુસ્તક સ્માઈલિંગ અમેરિકામાં આનો પરિચય આપ્યો હતો. ત્યારે આ વિચારને અવગણ્યો હતો, પાછળથી અમીને એક વિધવા માતાની વાર્તા સાંભળી જેણે પોતાનું આખું જીવન તેના પુત્રને ઉછેરવામાં સમર્પિત કર્યું. જ્યાં સુધી તે ડૉક્ટર ન બન્યો. ત્યારબાદ પુત્રએ લગ્ન કર્યાં અને તેની માતા પ્રત્યે કોઈ કૃતજ્ઞતા દર્શાવ્યા વિના ચાલ્યો ગયો. આ સાંભળી, અમીન ×મધર્સ ડે×ને પ્રોત્સાહન આપવા પ્રેરિત થયો અને ૨૧ માર્ચ ૧૯૫૬ના રોજ મધર્સ ડેની ઉજવણી કરાઈ, ત્યારથી અન્ય આરબ દેશોએ આ પ્રથાને આવકારી છે.

(૧૭) ઈથોપિયા : ઈથોપિયામાં ચોમાસા અંત પછી, ત્રણ દિવસ માટે મધર્સ ડે ઉજવાય છે. તે પાનખરના મધ્યમાં આવે છે જ્યાં લોકો ×એન્ટ્રોશ્ટ× નામના ત્રિદિવસ તહેવારનો આનંદ માણે છે. માતાઓ અને પુત્રીઓ પોત-પોતાના ચહેરા પર માખણનો અભિષેક કરે છે. પરિવારનું સન્માન કરતા-કરતા પુરુષો ગીતો ગાય છે.

(૧૮) એસ્ટોનિયા : એસ્ટોનિયામાં મે મહિનાના બીજા રવિવારે મધર્સ-ડે ઉજવાય છે. જે રાષ્ટ્રીય સ્તરે માન્ય છે, પણ આ દિવસે જાહેર રજા હોતી નથી.

(૧૯) ફિનલેન્ડ : ફિનલેન્ડમાં , મધર્સ ડે મે મહિનાના બીજા રવિવારે ઉજવાય છે.જે રાષ્ટ્રીય સ્તરે માન્ય છે અને જાહેર રજા પણ હોય છે. જે એવાં ઘરોમાં ઉજવાય છે જ્યાં બાળકો કે પૌત્રો પોતાની માતાઓ અને દાદીઓ માટે મધર્સ ડેનાં કાર્ડ બનાવે છે કે બજારમાંથી લાવે છે ને એમને આપે છે. મોટાં બાળકો તેમના માતા-પિતાના ઘરે જાય છે અને પરંપરાગત રીતે મધર્સ ડે ગુલાબ કે અન્ય ફૂલો સાથે મધર્સ ડે કાર્ડ આપે છે. ફિનલેન્ડના રાષ્ટ્રપતિ દર વર્ષે કેટલીક માતાઓને મેડલથી સન્માનિત કરે છે, જેમણે વર્ષ દરમિયાન કંઈક અસાધારણ અને સકારાત્મક કાર્ય કર્યું હોય.


જીવન તરંગ



જયસ્વી પટેલ

sanjogpurti@gmail.com

# હઈસા... હઈસા...!




એક રસોડામાં એક મોટું ટેબલ હતું. એ ટેબલ પર એક દિવસ નાસ્તાનો ડબ્બો ખુલ્લો રહી ગયો. અંદરથી એક આખું ગોળ-ગોળ, મીઠું-મીઠું 'બિસ્કિટ' નીચે પડ્યું! - ધબ!

જેવું બિસ્કિટ નીચે પડ્યું, ત્યાંથી નીકળતી કીડીઓને ગંધ આવી ગઈ. પછી તો સરરર કરતું કીડીઓનું ટોળું બિસ્કિટ તરફ વળ્યું. સૌથી આગળ હતી કીટ્ટુ કીડી. કીટ્ટુ બહુ જ હોશિયાર! એણે બિસ્કિટ જોયું અને એની આંખો તો ચમકી ગઈ. એણે બૂમ પાડી, "દોસ્તો, જલદી આવો! આજે તો મિજબાની છે, મિજબાની!"

કીટ્ટુની પાછળ-પાછળ દસ-બાર કીડીઓ દોડતી આવી પહોંચી. બધી કીડીઓ બિસ્કિટ જોઈને હરખાઈ ગઈ. કોઈ કહે, "હું આને પહેલાં ચાખીશ!" તો કોઈ કહે, ×હું આનો મોટો ટુકડો લઈ જઈશ!"

કીટ્ટુ કહે, "અરે ભાઈ, આ તો બહુ મોટું બિસ્કિટ છે! આપણે આખુંય બિસ્કિટ આપણા દરમાં લઈ જઈશું. ચાલો ચાલો, બધાં કામે વળગો ને સાથે મળીને જોર લગાવો!" પછી તો શરૂ થઈ કીડીઓની મહેનત! બધી કીડીઓ બિસ્કિટની ચારે બાજુ ગોઠવાઈ ગઈ. "એક... બે... ત્રણ... જોર લગાવો!× કીટ્ટુએ ઈશારો કર્યો. બધી કીડીઓ એકસાથે બોલી, "હઈસા... હઈસા...!"



રે વાર્તા!

મનીષ સુથાર

બિસ્કિટ થોડુંક ખસ્યું. પણ એટલામાં તો એક ગરોળીબહેન ત્યાંથી નીકળ્યા. ગરોળીબહેન બોલ્યાં, "અરે વાહ! બિસ્કિટ! આ સરસ મજાનું બિસ્કિટ તો મારું છે, તમે બધાં દૂર હટી જાઓ!"

કીટ્ટુ જરાય ડરી નહીં. એણે કહ્યું, "ગરોળીબહેન, તમે તો મોટાં છો, તમે તો બીજું કંઈ પણ ખાઈ શકો! આ તો અમે બહુ મહેનતથી શોધ્યું છે." પણ ગરોળી ન માની તે ન જ માની! એણે જીભ કાઢીને બિસ્કિટ લેવાની કોશિશ કરી. પણ કીટ્ટુ બહુ ચપળ! એણે બાજુમાં પડેલી એક ચમચીને ગરોળી તરફ ધક્કો માર્યો. ગરોળી તો ગભરાઈ ગઈ અને પૂંછડી પછાડતી જાય ભાગી જાય ભાગી! બધી કીડીઓ હસી પડી, "હા... હા... હા...!"

વળી પાછી બધીયે કીડીઓ કામે વળગી. પણ બિસ્કિટ હતું બહુ વજનદાર! બધીયે કીડીઓએ સાથે મળીને બિસ્કિટને ખેંચ્યું ધીરે-ધીરે... એકદમ ધીરે... બિસ્કિટને ઊંચક્યું! બિસ્કિટ જાણે કોઈ પર્વત હોય એમ કીડીઓએ એણે સાથે મળીને ઉપાડી લીધું! બધી કીડીઓ ગીત ગાતી જાયઃ

"કીડી રે કીડી, બિસ્કિટ તાણે!
મીઠું રે મીઠું બિસ્કિટ, બિસ્કિટ તાણે!
હઈસા... હઈસા... હઈસા!"

છેવટે, કીડીઓ તેમના દર પાસે પહોંચી ગઈ. પણ દર હતું નાનું ને બિસ્કિટ હતું મોટું! કીટ્ટુએ કહ્યું, "મિત્રો, ચિંતા ન કરો! આપણે સાથે મળીને બિસ્કિટના ટુકડા કરીશું ને અંદર લઈ જઈશું."

વળી પાછી બધી કીડીઓ કામે વળગી! કીડીઓએ મળીને બિસ્કિટના સરસ મજાના ટુકડા કર્યા. એક પછી એક બધી કીડીઓએ ટુકડા ઉપાડ્યા ને દરમાં લઈ ગઈ. પછી શરૂ થઈ પાર્ટી! બધાંએ પેટ ભરીને બિસ્કિટ ખાધું.

ત્યારે જ કીટ્ટુ બોલી, "કાલે ફરીથી આપણે રસોડામાં જઈશું, હોં!"

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

## જીલ્લા ભાજપના માઈક્રોપ્લાનીંગે રંગ રાખ્યો

# મંત્રી કૌશીક વેકરીયાનાં નેતૃત્વમાં જીલ્લામાં ભગવો લહેરાયો

**રાજયમંત્રીએ તમામ ઉમેદવારો સાથે સીધો સંવાદ કરી સતત માર્ગદર્શન આપ્યુ**

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજ્ય મંત્રી કૌશિક વેકરીયા, જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી,ધારાસભ્યો મહેશભાઈ કસવાળા,હીરાભાઈ સોલંકી,જનકભાઈ તળાવીય, જે.વી.કાકડીયાના સચોટ પ્રયાસો અને કુનેહપૂર્વકની રણનીતિની સાથે જીલ્લા ભાજપની સમગ્ર ટીમની મહેનતનાં કારણે સમગ્ર જિલ્લામાં કેસરીયો લહેરાયો છે. આ વખતની ચૂંટણીમાં પરંપરાગત પ્રતિસ્પર્ધી કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટીએ પણ મજબૂતીથી ઝંપલાવ્યું હતું, જેના કારણે સ્પર્ધા ત્રિપાંખિયા જંગમાં ફેરવાઈ હતી. ચૂંટણી પૂર્વે એવી અફવાઓ અને અટકળો વહેતી થઈ હતી કે 'આપ'ની એન્ટ્રીથી ભારતીય જનતા પાર્ટીની બેઠકોમાં મોટો ઘટાડો થઈ



શકે છે. જોકે, રાજ્ય મંત્રી કૌશિક વેકરીયાએ આ પડકારને સમજીને સમગ્ર જિલ્લામાં ઝીણવટભર્યું માઈક્રો પ્લાનિંગ કર્યું હતું. તેમણે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓના તમામ ઉમેદવારો સાથે સીધો સંવાદ સાધીને તેમનો જુસ્સો સતત જાળવી રાખ્યો હતો. મંત્રીની કાર્યશૈલી અને જીલ્લા સંગઠન શક્તિ પર વિશ્વાસ મૂકીને મતદારોએ ભાજપની તરફેણમાં જંગી મતદાન કર્યું હતું. પરિણામે, વિરોધ પક્ષોના તમામ ગણિતો ઊંધા પડ્યા અને ભાજપે જિલ્લાની તમામ સ્થાનિક સંસ્થાઓ પર પોતાનો કબજો જમાવ્યો હતો. કાર્યકરો પ્રત્યેના માર્ગદર્શનને કારણે જ આજે અમરેલી જિલ્લો ભાજપનો ગઢ સાબિત થયો છે અને લોકોએ વિકાસના રાજકારણ પર મહોર મારી છે.

### સાવરકુંડલા તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | હરીફ ઉમેદવાર | Party |
|---|---|---|
| આદસંગ | શૈલેષભાઈ નનુભાઈ બરવાળીયા | BJP |
| આંબરડી | બાવચંદભાઈ ઘીરૂભાઈ સોડવડીયા | BJP |
| બાઢડા | રશ્મીતાબેન અનિલભાઈ ઘડુક | BJP |
| દોલતી | નિર્મળ મનુભાઈ વાટલીયા | AAP |
| ગાધકડા | રાજેશ્રીબેન બાલસિંગભાઈ બોરીચા | IND |
| ઘાણલા | હંસાબેન મનુભાઈ કાછડ | BJP |
| ઘોબા | રાજેશ્વરીબેન કાળુભાઈ કપોપરા | BJP |
| જાંબુડા | હંસાબેન ઘુસાભાઈ વાણીયા | BJP |
| જીરા | પ્રતાપભાઈ લખુભાઈ ખુમાણ | BJP |
| જુનાસાવર | શીવરાજભાઈ હનુભાઈ ખુમાણ | INC |
| લીખાળા | ગૌતમભાઈ હસુભાઈ ખુમાણ | BJP |
| મીતીયાળા | પરબતભાઈ ઘરમશીભાઈ કોઠીયા | INC |
| મોટા ઝીંઝુડા | રીંકલ મનોજકુમાર દુધાત | BJP |
| નેસડી | ભાવેશ ભીખાભાઈ ચૌહાણ | INC |
| પીઠવડી | દયાબેન ભૌતિકભાઈ સુહાગીયા | BJP |
| પીયાવા | દક્ષાબેન મુકેશભાઈ મહિડા | BJP |
| શેલણા | મુકેશભાઈ ખોડાભાઈ રાદડીયા | BJP |
| સીમરણ | અતુલભાઈ વિઠ્ઠલભાઈ પટોળીયા | INC |
| વંડા | રેખાબેન વાલાભાઈ સાટીયા | BJP |
| વાંશીયાળી | સોનીબેન ભરતભાઈ મોરી | BJP |
| વિજપડી | વિલાસબેન વિજયભાઈ ચાવડા | BJP |
| વિરડી | અંજવાળીબેન ગણપતભાઈ પરમાર | BJP |

### કુંકાવાવ-વડીયા તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧-અમરાપુર | મનોજભાઈ ગોરધનભાઈ હપાણી | BJP |
| ૨-બાંભણીયા | આરતીબેન ભાવેશકુમાર ગજેરા | BJP |
| ૩-દેવગામ | વિપુલભાઈ મનજીભાઈ પાંચાણી | BJP |
| ૪-દેવળકી | શાંતાબેન અરજણભાઈ રામાણી | AAP |
| ૫-ખડખડ | કિરણબેન નારણભાઈ ચૌહાણ | BJP |
| ૬-કુંકાવાવ મોટી-૧ | નેહાબેન નીતિનભાઈ ગોંડલીયા | AAP |
| ૭-કુંકાવાવ મોટી-૨ | નિરાલીબેન મયુરભાઈ મકવાણા સાનીયા | BJP |
| ૮-કુંકાવાવ નાની | અશોકભાઈ બચુભાઈ વાઝા | BJP |
| ૯-લુણીધાર | સાગર હિરાભાઈ જાપડા | AAP |
| ૧૦-પીપળીયા ઢુંઢીયા | રમણિકભાઈ સમજુભાઈ પાઘડાળ | BJP |
| ૧૧-સનાળા | મહેશભાઈ બધાભાઈ મયાત્રા | BJP |
| ૧૨-સનાળી | માયાબેન રાજેશભાઈ ખીમાણી | BJP |
| ૧૩-તોરી | સોનલબેન યોગેશભાઈ પાનસુરીયા | BJP |
| ૧૪-ઉજળા મોટા | હંસાબેન ગોરધનભાઈ સખવાળા | BJP |
| ૧૫-વડીયા-૧ | તુષાર પ્રફુલભાઈ ગણાત્રા | BJP |
| ૧૬-વડીયા-૨ | શિલ્પાબેન હરેશભાઈ રાદડીયા | BJP |
| ૧૮-વલારડી | કમલેશભાઈ સોમાભાઈ બગડા | BJP |

### અમરેલી તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧-આંકડીયા મોટા | મંજુલાબેન પ્રેમજીભાઈ બાવીશી | BJP |
| ૨-આંકડીયા નાના | જયાબેન વલ્લભભાઈ જાવીયા | AAP |
| ૩-ચિતલ | સુરેશભાઈ ખીમજીભાઈ પાથર | BJP |
| ૪-દેવભૂમિ દેવળીયા | ભાવનાબેન નાથાભાઈ સુખડીયા | BJP |
| ૫-ગાવડકા | પાયલબેન વિરમભાઈ મેવાડા | BJP |
| ૬-ગોખરવાળા મોટા | વિલાસબેન જસુભાઈ ખુમાણ | BJP |
| ૭-જાળીયા | સરોજબેન સંદીપભાઈ સોલંકી | BJP |
| ૮-જશવંતગઢ | કોમલબેન લક્ષ્મીશંકર તેરૈયા | BJP |
| ૯-કેરીયાનાગસ | જયદીપભાઈ નજુભાઈ ધાધલ | BJP |
| ૧૦-માચીયાળા નાના | આશીષભાઈ કિશોરભાઈ દેવમુરારી | BJP |
| ૧૧-માંડવડા મોટા | જગદીશભાઈ મનુભાઈ પોકળ | BJP |
| ૧૨-મોણપુર | અરવિંદભાઈ કાનજીભાઈ કાકડીયા | BJP |
| ૧૩-પ્રતાપપરા | રુપાવટીયા અંબાબેન મુકેશભાઈ | BJP |
| ૧૪-સરંભડા | રાજેશભાઈ છગનભાઈ કાછડીયા | BJP |
| ૧૫-શેડુભાર | વિપુલકુમાર વલ્લભભાઈ પોંકિયા | INC |
| ૧૬-વડેરા | ગીતાબેન રમેશભાઈ માંડણકા | BJP |
| ૧૭-વાંકીયા | નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા | BJP |
| ૧૮-વિઠ્ઠલપુર | અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢીયા | BJP |

### બાબરા તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧-અમરાપરા | ખોખરિયા અસ્મીતાબેન અજિતભાઈ | BJP |
| ૨-બળેલ પિપરીયા | ચેતનાબેન ભદ્રેશભાઈ સતાણી | AAP |
| ૪-ચરખા | શિયાણી સંગીતાબેન ઉકેશભાઈ | BJP |
| ૫-દરેડ | ગરૈયા હીનાબેન કિશોરભાઈ | BJP |
| ૬-દેવળીયા મોટા | ઉર્મિલાબેન મનિષભાઈ કારેણા | BJP |
| ૭-ધરાઈ | વસંતબેન ભરતભાઈ ગોસાઈ | AAP |
| ૮-ઘુઘરાળા | કલ્પેશભાઈ જેરામભાઈ મકવાણા | BJP |
| ૯-કલોરાણા | મેઘજીભાઈ લીંબાભાઈ ડાભી | BJP |
| ૧૦-કરીયાણા | કાચેલા સોનલબેન વિપુલભાઈ | BJP |
| ૧૧-ખંભાળા | મનસુખભાઈ વશરામભાઈ ઘોડા | INC |
| ૧૨-કોટડા પીઠા | તુષારભાઈ નારણભાઈ રામાણી | BJP |
| ૧૩- કુડળ નાની | કટારીયા માધવભાઈ પરષોતમભાઈ | BJP |
| ૧૪-લોન કોટડા | ભુપતભાઈ પરબતભાઈ વિરડીયા | AAP |
| ૧૫-નીલવડા | ગ્રાંભડિયા વીઠલભાઈ ભિખાભાઈ | BJP |
| ૧૬-સુખપુર | ઝાપડીયા લીલીબેન કરશનભાઈ | BJP |
| ૧૭-ઉટવડ | રમાબેન ભરતભાઈ બુટાણી | BJP |
| ૧૮-વલારડી | કમલેશભાઈ સોમાભાઈ બગડા | BJP |

### બગસરા તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧- બાલાપુર | શોભાબેન અરવિંદભાઈ ચૌહાણ | BJP |
| ૨-ડેરીપીપરીયા | ભાવેશભાઈ હંસરાજભાઈ ગોધાણી | AAP |
| ૩-હડાળા | પરેશકુમાર ગોવિંદભાઈ ચાવડા | BJP |
| ૪ - હળીયાદ જુની | મીનાબેન વ્રજલાલ ડોડીયા | AAP |
| ૫- હળીયાદ નવી | દકુભાઈ ગોવિંદભાઈ ગાજીપરા | AAP |
| ૬-હામાપુર-૧ | રંજનબેન લખમણભાઈ સોલંકી | AAP |
| ૭-હામાપુર-૨ | હરેશભાઈ નાજભાઈ ધાધલ | BJP |
| ૮-ખારી | ચંપુભાઈ વલકુભાઈ ડવ | AAP |
| ૯- લુંઘીયા | તૃપેશભાઈ જયંતિભાઈ ભેસાણીયા | AAP |
| ૧૦- માવજીંજવા | ભાવનાબેન મહેશભાઈ સભાડીયા | BJP |
| ૧૧-મુંજીયાસર મોટા | રમેશભાઈ કાળુભાઈ સતાસીયા | AAP |
| ૧૨- સમઢીયાળા | કોકીલાબેન જનકભાઈ નીરંજની | AAP |
| ૧૩- શાપર | મુક્તાબેન ઘેલાભાઈ સુવાગીયા | AAP |
| ૧૪- શીલાણા | નિરૂપાબેન સુરેશભાઈ ડોબરીયા | BJP |
| ૧૫- સુડાવડ | રમીલાબેન મહેશભાઈ કોલડીયા | AAP |
| ૧૬- વાઘણીયા જુના | હંસાબેન વિભાભાઈ ડવ | BJP |
| ૧૭-વાંકીયા | નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા | BJP |
| ૧૮-વિઠ્ઠલપુર | અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢીયા | BJP |

### ધારી તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ભાડેર | આશીકભાઈ જુમાભાઈ વાસેંગા | AAP |
| દલખાણીયા | અનસુયાબેન નાગજીભાઈ રામાણી | BJP |
| ડાંગાવદર | રેખાબેન પ્રવિણભાઈ દાફડા | BJP |
| ધારગણી | રમીલાબેન કિશોરભાઈ ડોબરીયા | BJP |
| દિતલા | લાભુબેન બાબાભાઈ વાળા | BJP |
| ગીગાસણ | ઈન્દુબેન જોરૂભાઈ વાળા | AAP |
| ગોપાલગ્રામ | રાજુભાઈ દિલુભાઈ વાળા | INC |
| ગોવિંદપુર | ચંદુભાઈ નારણભાઈ બાબરિયા | AAP |
| હુડલી | પોપટભાઈ બધાભાઈ દાફડા | BJP |
| જીરા | હેમુભાઈ અમકુભાઈ વાળા | INC |
| કરમદડી | રમેશભાઈ વેલાભાઈ માલનીયા | BJP |
| ખીચા | મહેશભાઈ રવજીભાઈ સાવલીયા | BJP |
| મોણવેલ | ગૌતમભાઈ હરીભાઈ ડાવરા | AAP |
| રામપુર | ગુલાબબેન વનરાવનભાઈ વાળા | BJP |
| સરસીયા | કુમનબેન ભાવેશભાઈ મહેતા | BJP |
| વિરપુર | ક્રીષ્નાબેન રાહુલભાઈ હરખાણી | AAP |
| ૧૮-વલારડી | કમલેશભાઈ સોમાભાઈ બગડા | BJP |

### લાઠી તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧-અકાળા | રાખોલીયા હીતેશભાઈ કનુભાઈ | BJP |
| ૨-આંબરડી | ભરતકુમાર નાથાભાઈ ગજેરા | BJP |
| ૩-આંસોદર | ક્રિષ્નાબેન રવિરાજભાઈ ખુમાણ | AAP |
| ૪-ભુરખીયા | રીંકલબેન ચિરાગભાઈ પરમાર | BJP |
| ૫-ચાવંડ | શાંતુબેન જગાભાઈ ડેર | INC |
| ૬-છભાડીયા | રમીલાબેન નિતિનભાઈ પૂનતિયા | AAP |
| ૭-દેરડી જાનબાઈ | કિશોરભાઈ હિંમતભાઈ રાઠોડ | BJP |
| ૮-ઘામેલ | દિનેશભાઈ બાબુભાઈ જમોડ | BJP |
| ૯-હરસુરપુર | આશાબેન રાજેશભાઈ સોરઠીયા | AAP |
| ૧૦-જરખીયા | ભાવનાબેન ભરતભાઈ વેકરીયા | BJP |
| ૧૧-કાંચરડી | નટુભાઈ શંભુભાઈ સુતરીયા | BJP |
| ૧૨-કેરાળા | નયનાબેન દકુભાઈ પડસાળા | BJP |
| ૧૩-મતીરાળા | કપિલ મુકેશભાઈ સોળીયા | INC |
| ૧૪-શાખપુર | પંકજભાઈ જેરામભાઈ બલર | BJP |
| ૧૫-શેખપીપરીયા | અશોકભાઈ ચીમનભાઈ ખેદરા | AAP |
| ૧૬-ઠાંસા | માઘવીબેન કિશોરભાઈ ઈસામલીયા | BJP |
| ૧૭-વાંકીયા | નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા | BJP |
| ૧૮-વિઠ્ઠલપુર | અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢીયા | BJP |

### લીલીયા તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧-આંબા | પ્રફુલભાઈ ચુનીલાલ ઘીનૈયા | BJP |
| ૨-ભોરીંગડા | હિતેષભાઈ લાભુભાઈ રંગપરા | INC |
| ૩-ગોઢાવદર | ગૌરીબેન વિજયભાઈ ગજેરા | BJP |
| ૪-ગુંદરણ | મંજુલાબેન વિનુભાઈ ચોસલીયા | INC |
| ૫-ઈંગોરાળા | માંજુબેન મુળજીભાઈ લુણી | BJP |
| ૬-જાત્રોડા | મનીષાબેન સામતભાઈ બેલા | INC |
| ૮-ક્રાંકચ | કંચનબેન ભરતભાઈ હેલૈયા | INC |
| ૯-લીલીયા-૧ | કમલેશભાઈ નાનાલાલ અગ્રાવત | BJP |
| ૧૦-લીલીયા-૨ | વનીતાબેન વિજયભાઈ ભાલાળા | INC |
| ૧૧-લીલીયા-૩ | વિજયભાઈ છગનભાઈ કોગથીયા | INC |
| ૧૨-લીલીયા નાના | રણજીતભાઈ ધીરૂભાઈ ખુમાણ | BJP |
| ૧૩-પાંચતલાવડા | પ્રતાપભાઈ ધીરૂભાઈ ખુમાણ | BJP |
| ૧૪-પુંજાપાદર | રાધાબેન ભરતભાઈ વેકરીયા | INC |
| ૧૫-સલડી | શિલ્પાબેન પ્રજ્ઞેશભાઈ રામાણી | BJP |
| ૧૬-સનાળીયા | શિલ્પાબેન રમેશભાઈ ભાડ | INC |
| ૧૬-ઠાંસા | માઘવીબેન કિશોરભાઈ ઈસામલીયા | BJP |
| ૧૭-વાંકીયા | નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા | BJP |
| ૧૮-વિઠ્ઠલપુર | અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢીયા | BJP |

### જાફરાબાદ તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૨-ચિત્રાસર | છગનભાઈ ઉનડભાઈ બાંભણીયા | BJP |
| ૩-હેમાળ | ગીતાબેન મહેશભાઈ પરમાર | BJP |
| ૪-કડીયાળી | કૈલાશબેન મંગાભાઈ મકવાણા | BJP |
| ૫-ખાલસા કંથારીયા | ગુલાબબેન અનિરૂધ્ધભાઈ વાળા | BJP |
| ૬-લોર | ગુલાબબેન પ્રકાશભાઈ વરૂ | BJP |
| ૭-લોંઠપુર | દીપિકાબેન તુષારકુમાર ત્રિવેદી | BJP |
| ૮-મિતીયાળા | ચંદુભાઈ ભગવાનભાઈ બાંભણીયા | BJP |
| ૯-મોટા માણસા | ઉકાભાઈ આતુભાઈ પરમાર | INC |
| ૧૦-નાગેશ્રી | હીનાબેન સુરેશભાઈ જોગદીયા | BJP |
| ૧૨-શિયાળબેટ | માલાભાઈ ખોડાભાઈ શિયાળ | BJP |
| ૧૩-ટીંબી-૧ | નરેશકુમાર પ્રવિણભાઈ જાદવ | INC |
| ૧૪-ટીંબી-૨ | નીતાબેન મનીષભાઈ ડાભી | BJP |
| ૧૬-વડલી | ગીતાબેન ઘનસુખભાઈ ડાભી | BJP |
| ૧૪- શીલાણા | નિરૂપાબેન સુરેશભાઈ ડોબરીયા | BJP |
| ૧૫- સુડાવડ | રમીલાબેન મહેશભાઈ કોલડીયા | AAP |
| ૧૬- વાઘણીયા જુના | હંસાબેન વિભાભાઈ ડવ | BJP |
| ૧૭-વાંકીયા | નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા | BJP |
| ૧૮-વિઠ્ઠલપુર | અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢીયા | BJP |

### ખાંભા તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧-આંબલીયાળા | ભાવેશભાઈ ભવાનભાઈ જાદવ | BJP |
| ૨-બારમણ મોટા | શીવલાલ અમુભાઈ સુદાણી | BJP |
| ૩-ડેડાણ-૧ | જોમાબાઈબેન ઘીરૂભાઈ મકવાણા | BJP |
| ૪-ડેડાણ-૨ | વનિતાબેન વિપુલભાઈ રાદડીયા | AAP |
| ૫-ઈંગોરાળા | મુક્તાબેન રાજેશભાઈ આલ | BJP |
| ૬-જામકા | કમળાબેન કેશુભાઈ વણજારા | AAP |
| ૭-ખડાધાર | કમુબેન ભાણાભાઈ ભુકણ | BJP |
| ૮-ખાંભા-૧ | દીલુભાઈ ભીખુભાઈ ખુમાણ | BJP |
| ૯-ખાંભા-૨ | હમીરભાઈ લાખાભાઈ ખાટરીયા | BJP |
| ૧૦-મુંજીયાસર | ઘનશ્યામભાઈ નાથાભાઈ વણજર | BJP |
| ૧૧-નવા માલકનેસ | વાઘાભાઈ ડાહ્યાભાઈ પરમાર | INC |
| ૧૨-પીપળવા | બાવભાઈ વાજસુરભાઈ ભંમર | BJP |
| ૧૩-સમઢીયાળા મોટા | જુકિબેન વીનુભાઈ બાળધા | AAP |
| ૧૪-સરાકડિયા મોટા | અસ્મિતાબેન શાન્તિભાઈ ઠુંમર | BJP |
| ૧૫-તાલડા | દેહીબેન ભરતભાઈ ભુવા | BJP |
| ૧૬-ઉમરિયા | રંજનબેન બાવભાઈ ભંમર | BJP |
| ૧૭-વાંકીયા | નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા | BJP |
| ૧૮-વિઠ્ઠલપુર | અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢીયા | BJP |

### રાજુલા તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧ - આગરીયા ઘુડીયા | અશોકકુમાર કરશનભાઈ ચૌહાણ | BJP |
| ૨ - બાબરીયાધાર | વિજય ડાયાભાઈ કળસરિયા | INC |
| ૩ - બર્બટાણા | હેતલબેન અમકુભાઈ કામળીયા | BJP |
| ૪ - બારપટોળી | ભનીબેન નનાભાઈ વાઘ | BJP |
| ૫ - ભેરાઈ | રેખાબેન તખુભાઈ કાંઘમણા | BJP |
| ૬ - ચાંચ | હંસાબેન રણજીતભાઈ ગુજરીયા | BJP |
| ૭ - ધારેશ્વર | મધુબેન હિંમતભાઈ બલદાણીયા | BJP |
| ૮ - ડુંગર | અમરાભાઈ મંગળાભાઈ ગોહિલ | BJP |
| ૯ - કડીયાળી | મઘુભાઈ રાણાભાઈ મકવાણા | BJP |
| ૧૦ - કાતર | મણીબેન ગોવિંદભાઈ નાગર | BJP |

| તાલુકનું નામ | વિજેતા ઉમેદવાર | Party |
|---|---|---|
| ૧૧ - ખેરા | રામજીભાઈ જંડુરભાઈ ગુજરીયા | IND |
| ૧૨ - કોટડી | કનુભાઈ પુનાભાઈ કળસરીયા | BJP |
| ૧૩ - કોવાયા | કિશનભાઈ વિઠલભાઈ વસાવા | BJP |
| ૧૪ - માંડણ | નવલભાઈ જસુભાઈ હડિયા | INC |
| ૧૫ - મોરંગી | વર્ષાબેન નીતીનભાઈ વાયલુ | BJP |
| ૧૬ - રીંગણીયાળા મોટા | ગીતાબેન અરવિંદભાઈ ડોબરીયા | INC |
| ૧૭ - સમઢીયાળા - ૧ | વિક્રમભાઈ ગોવિંદભાઈ ગુજરીયા | BJP |
| ૧૮ - વડલી | જેરામભાઈ દુલાભાઈ કાછડ | INC |
| ૧૯ - વાવેરા | દેવીબેન કરશનભાઈ ભાલીયા | BJP |
| ૨૦ - વિસળીયા | રેખાબેન કમલેશભાઈ મકવાણા | BJP |

# ગોંડલ નગરપાલિકામાં ભાજપનો કેસરીયો: તમામ ૪૪ બેઠકો પર ભવ્ય વિજય

ગોંડલ,તા.૨૮

ગોંડલ નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક પ્રદર્શન કરતા તમામ ૪૪ બેઠકો પર વિજય મેળવી ક્લીન સ્વીપ કરી છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના મજબૂત નેતૃત્વ હેઠળ ભાજપે ૨૦ બેઠકો અગાઉથી જ બિનહરીફ જીતી લીધી હતી, જ્યારે બાકીની ૨૪ બેઠકો પર પણ ભવ્ય જીત મેળવી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને પછડાટ આપી છે. મતદારોએ વિપક્ષના નકારાત્મક પ્રચારને ફગાવી વિકાસના રાજકારણ પર મહોર મારી છે, જેના પરિણામે પાલિકા ફરી એકવાર વિપક્ષ વિહીન બની છે. ભાજપના માઈક્રો પ્લાનિંગ સામે વિરોધ પક્ષો સમ ખાવા પૂરતી એક પણ બેઠક મેળવી શક્યા નથી.

# રાજ્યના મંત્રી કૌશીક વેકરીયાનાં નેતૃત્વમા અમરેલી વિધાનસભા વિસ્તારમાં સર્વત્ર "કેસરિયો લહેરાયો"

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજકીય દ્રશ્યમાં નોંધપાત્ર ફેરફાર નોંધાવ્યો છે. જિલ્લા પંચાયતની બેઠકો સાથે સાથે જિલ્લાની તમામ ૬ નગરપાલિકાઓમાં પણ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ પ્રભાવશાળી જીત નોંધાવી છે, જેના પરિણામે સમગ્ર જિલ્લામાં "કેસરિયો લહેરાયો" છે. અમરેલી વિધાનસભા વિસ્તારમા તમામ ગામોમાં ખેડુતો માટે જળ સંશયનાં કાર્યો સાથે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ માટેની રેકોર્ડ બ્રેક ગ્રાંટ ફાળવવા બદલ મતદારોએ આભાર સ્વરુપે જિલ્લા પંચાયતની ૭ માંથી ૭ સીટો પર ભાજપના ઉમેદવારોએ મજબૂત પ્રદર્શન કરીને જીત મેળવી છે. મતદારોનો કૌશીક વેકરીયાનાં નેતૃત્વે પર વિશ્વાસ, વિકાસના મુદ્દાઓ અને સંગઠનશક્તિના આધારે ભાજપે આ વિજય મેળવ્યો હોવાનું રાજકીય વિશ્લેષકો માને છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભાજપે પોતાનો પ્રભાવ બરકરાર રાખીને વિરોધીઓને કઠિન પડકાર આપ્યો છે.

તે જ રીતે અમરેલી નગરપાલિકામાં ભાજપે બહુમતી સાથે સત્તા હાંસલ કરી છે. શહેરોમાં વિકાસના વચનો, મૂળભૂત સુવિધાઓ અને સરકારની યોજનાઓના અસરકારક અમલને કારણે મતદારો ભાજપ તરફ આકર્ષાયા હોવાનું જણાઈ રહ્યું છે.

આ જીત પછી ભાજપના કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. અનેક સ્થળોએ વિજયોત્સવ મનાવવામાં આવ્યો, જેમાં કાર્યકરો દ્વારા ફટાકડા ફોડવામાં આવ્યા, મીઠાઈ વહેંચાઈ અને "ભારત માતા કી જય"ના નારા ગુંજ્યા.

રાજકીય વિશ્લેષકોના મતે, આ પરિણામો આગામી ચૂંટણી માટે પણ મહત્વપૂર્ણ સંકેત આપે છે. ભાજપ માટે આ જીત સંગઠનશક્તિ અને લોકવિશ્વાસનો પરિચય છે, જ્યારે વિરોધ પક્ષો માટે આત્મચિંતનનો વિષય બન્યો છે. આ રીતે અમરેલી જિલ્લાની સાથે અમરેલી વિધાનસભા વિસ્તારમાં પણ ભાજપનો દબદબો સ્પષ્ટ રીતે જોવા મળ્યો છે અને સમગ્ર વિસ્તારમાં "સર્વત્ર કેસરિયો લહેરાયો" તેવું ચિત્ર ઉભું થયું છે.












## અમરેલી જિલ્લા પંચાયતમાં વિજેતા ઉમેદવારની યાદી

| જિલ્લા પંચાયત સીટનું નામ | જીતેલ ઉમેદવારનું નામ | મળેલ મત | લીડ | Party |
|---|---|---|---|---|
| ૧-આંબરડી | નરેશભાઇ ડાયાભાઇ ડોંડા | ૬૭૩૮ | ૩૮૦૭ | BJP |
| ૨-આંકડીયા મોટા | ડેનીભાઇ હરિભાઇ પરમાર | ૭૬૭૯ | ૩૩૪૨ | BJP |
| ૩-ભેરાઇ | અરજણભાઇ ખીમાભાઇ વાઘ | ૮૬૭૬ | ૨૭૪૦ | BJP |
| ૪-ચાંચ | ભાનુબેન વિક્રમભાઇ શિયાળ | ૯૪૫૬ | ૭૩૫૦ | BJP |
| ૫-ચાવંડ | સોનલબેન સંજયભાઇ તારપરા | ૬૧૦૦ | ૨૫૫૯ | BJP |
| ૬-ચિતલ | વિલાસબેન જયંતિભાઇ દેસાઇ | ૬૧૯૮ | ૩૧૬૫ | BJP |
| ૭-દલખાણીયા | મકવાણા મંજુબેન દેવકુભાઇ | ૫૪૪૭ | ૬૪૫ | AAP |
| ૮-ડેડાણ | લાભુબેન રમેશભાઇ જાદવ | ૫૯૯૫ | ૫૪૩ | BJP |
| ૯-દેવળિયા મોટા | મીનાબેન પ્રભાતભાઇ કોઠીવાળ | ૫૩૧૯ | ૮૭ | BJP |
| ૧૦-દેવગામ | ગાયત્રીબેન સંજયભાઇ વાળા | ૫૯૬૩ | ૧૫૩૬ | BJP |
| ૧૧-ઘારગણી | મહાવીરબાપુ વલકુબાપુ ભગત | ૫૨૭૬ | ૧૫૯૪ | BJP |
| ૧૨ ડુંગર | જાગૃતિબેન લાલજીભાઇ વાણીયા | ૬૭૦૫ | ૧૦૬૯ | BJP |
| ૧૩-ગાધકડા | ભીખુભાઇ ઘીરૂભાઇ વાઘમશી | ૬૨૨૫ | ૨૨૪૯ | BJP |
| ૧૪-હામાપુર | વનરાજભાઇ નાગભાઇ વાળા | ૭૨૪૨ | ૨૨૨૪ | AAP |
| ૧૫-કરિયાણા | અમરશીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા | ૯૨૧૬ | ૨૫૮૦ | BJP |
| ૧૬-કેરીયાનાગસ | સોનલબેન જયેશભાઇ ગાંગડીયા | ૭૪૬૮ | ૩૩૭૨ | BJP |
| ૧૭-ખાંભા | અરવિંદભાઇ જીલુભાઇ ચાવડા | ૫૫૮૯ | ૫૯૯ | BJP |
| ૧૮-કોટડાપીઠા | શિલ્પાબેન હીતેશભાઇ કલકાણી | ૯૪૧૧ | ૨૬૩૫ | BJP |
| ૧૯-કોટડી | વિરભદ્ર વલકુભાઇ ડાભીયા | ૫૮૬૧ | ૧૫૫૪ | BJP |
| ૨૦-ક્રાંકચ | જાગૃતિબેન જનકભાઇ દુધાત | ૫૬૬૯ | ૩૬૧ | INC |
| ૨૧-કુંકાવાવ મોટી | કમલેશભાઇ ગોબરભાઇ ચૌહાણ | ૬૨૭૧ | ૧૮૫૧ | BJP |
| ૨૨-લીલીયા | જીજ્ઞેશભાઇ મનસુખભાઇ સાવજ | ૬૦૩૦ | ૩૮ | BJP |
| ૨૩-મતિરાળા | ધર્મિષ્ઠાબેન ભીમજીભાઇ લાઠીયા | ૭૦૬૫ | ૩૪૩૦ | BJP |
| ૨૪-નાગેશ્રી | શારદાબેન કરશનભાઇ ભીલ | ૧૧૩૫૫ | ૪૬૫૪ | BJP |
| ૨૫-નેસડી | દક્ષાબેન ઘર્મેશભાઇ ચોડવડીયા | ૪૫૯૦ | ૪૩ | BJP |
| ૨૬-સમઢીયાળા મોટા | મુકેશભાઇ રામજીભાઇ માંગરોળીયા | ૬૦૭૮ | ૨૬૦૭ | BJP |
| ૨૭-સરસીયા | ઘનશ્યામભાઇ સવજીભાઇ હીરપરા | ૫૬૩૯ | ૧૯૨૮ | BJP |
| ૨૮-શેલણા | પ્રકાશ હિમતભાઇ પાનસુરીયા | ૬૧૫૦ | ૨૩૭૫ | BJP |
| ૨૯-ટીંબી | રમેશભાઇ કાનાભાઇ બાંભણીયા | ૯૪૪૬ | ૨૪૪૧ | BJP |
| ૩૦-વડિયા | પારૂલબેન ચેતનભાઇ દાફડા | ૬૭૭૦ | ૨૧૯૪ | BJP |
| ૩૧-વાઘણીયા જૂના | મિતલબેન પ્રદિપભાઇ ભાખર | ૫૦૫૯ | ૧૩૧ | BJP |
| ૩૨-વંડા | નયનાબેન મુકેશભાઇ આદ્રોજા | ૫૬૩૧ | ૨૨૯૪ | BJP |
| ૩૩-વાંકિયા | આશીષકુમાર અરૂણભાઇ અકબરી | ૫૮૯૦ | ૩૪૯૦ | BJP |
| ૩૪-વિજપડી | શરદભાઇ નાનાલાલ ગૌદાનિ | ૬૩૫૮ | ૧૦૭૯ | BJP |




# સુરત મનપામાં 'આપ'ને મોટો ફટકો દિગ્ગજ નેતા મનોજ સોરઠિયાનો કારમો પરાજય

**ભાજપે આ બેઠક પર વિજય મેળવી આપના ગઢમાં ગાબડું પાડ્યું**

સુરત,તા.૨૮



ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (આપ) માટે માઠા સમાચાર આવ્યા છે. પાર્ટીના પ્રદેશ સંગઠન મહાસચિવ અને કદાવર પાટીદાર નેતા મનોજ સોરઠિયા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૪ માંથી ચૂંટણી હારી ગયા છે. મનીષ સિસોદિયા અને સંજય સિંહ જેવા રાષ્ટ્રીય નેતાઓના પ્રચાર છતાં ભાજપે આ બેઠક પર વિજય મેળવી 'આપ'ના ગઢમાં ગાબડું પાડ્યું છે. વર્ષ ૨૦૨૧માં સુરતની ૨૭ બેઠકો જીતીને વિરોધ પક્ષ તરીકે ઉભરેલી 'આપ' માટે આ પરાજય આંચકાજનક છે. આ વખતે સુરતમાં કોંગ્રેસે પણ ફરી વાપસી કરી છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૧૪ ટકા મત મેળવી રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો મેળવનાર 'આપ' માટે સુરતનું આ પરિણામ ચિંતાજનક છે, કારણ કે જે સુરતથી પાર્ટીએ ગુજરાતમાં પ્રવેશ કર્યો હતો, ત્યાં જ તેને પીછેહઠનો સામનો કરવો પડ્યો છે.



